### રાજકોટમાં ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી સીઆર પાટીલની ઉપસ્થિતિમાં બુથ પ્રમુખ શક્તિ કેન્દ્ર ઇન્ચાર્જ રાજકોટ લોકસભા સંમેલનમાં

# રાજકોટમાં પ્રચંડ જન સમર્થન મેળવવા શ્રી રૂપાલાનો રણટંકાર

**સોશ્યલ મિડીયા ઉપર સૌરાષ્ટ્ર-ગુજરાતનુંપ્રતિનિધીત્વ કરનાર સાયબર યોદ્ધાઓ સાથે મીટ : શ્રી પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં સંગઠનની મહત્વની બેઠક યોજાઇ**

**રાજકોટમાં શ્રી બાલાજી મંદીરમાં દર્શન હરિપ્રબોધનમ સત્સંગ સભામાં ઉપસ્થિત રહી સ્વ. ચિમનભાઇ શુક્લનાં નિવાસ સ્થાને શિરામણ કરતા શ્રી રૂપાલા**









અમરેલી,

રાજકોટમાંભાજપનાંઉમેદવાર શ્રીપરશોત્તમભાઈ રૂપાલા ચુંટણી લડી રહ્યાંછે ત્યારે ગુજરાત ભાજપનાં પ્રદેશ અધ્યક્ષ શ્રી સીઆર પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં આજે રાજકોટ મહાનગર ખાતે પ્રમુખશ્રીઓ અને શક્તિ કેન્દ્ર ઈન્ચાર્જશ્રીઓની બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે પૂર્વ રાજ્યપાલ અને વરિષ્ઠ નેતા શ્રી વજુભાઈ વાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, રાજ્યસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, રાજ્ય સરકારના મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, શ્રીમતી ભાનુબેન બાબરીયા, મહાનગરના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દોશી, જિલ્લાના અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢળીયા સહિત હોદ્દેદારો, ધારાસભ્યશ્રીઓ અને મોટી સંખ્યામાં બૂથ પ્રમુખશ્રીઓ અને શક્તિ કેન્દ્ર ઈન્ચાર્જશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી પરશોત્તમ રૂપાલાએ આજે પ્રદેશ અધ્યક્ષ શ્રી શ્રી સીઆર પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં અને સોશિયલ મીડિયા પર સૌરાષ્ટ્ર ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા પ્રભાવકો અને સાયબર યોદ્ધાઓની હાજરીમાં રાજકોટ ખાતે આયોજિત સૌરાષ્ટ્ર સોશિયલ મીડિયા સહભાગી થઈને આગામી ચૂંટણીમાં સોશિયલ મીડિયાના માધ્યમથી મોદી અને પ્રજા વચ્ચેના સંબંધને મજબુત બનાવવા તેમજ સરકારની સકારાત્મક બાબતોને જનતા સુધી વધુમાં વધુ પહોંચાડી પ્રચંડ જનસમર્થન મેળવવા સંદર્ભે સંવાદ કર્યો હતો.

તદઉપરાંત શ્રી રૂપાલાએ રાજકોટ ખાતે હરિ પ્રબોધનમ 'સત્સંગ સભા'માં ઉપસ્થિત રહીને જણાવ્યું હતું કે, હું ધન્યતાની અનુભૂતિ કરું છું. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ચરણોમાં જેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું છે તેવા પૂજ્ય સંતોના આશીર્વાદ લઈને હરિભક્તો સાથે સ્નેહ મુલાકાત કરી અને સંવાદ કર્યો હતો. અને રાજકોટ ખાતેના પંચાયત નગર મુકામે સ્થિત શ્રી બાલાજી મંદિરમાં પ્રભુના દિવ્ય દર્શન કરી શ્રી પરશોત્તમ રૂપાલાએ રાષ્ટ્રની પ્રગતિ અને નાગરિકોની સુખ-સમૃદ્ધિ માટે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરી હતી અને ભાજપનાં પાયાનાં આગેવાન અને મુરબ્બી સ્વ.શ્રી ચીમનભાઈ શુક્લના નિવાસસ્થાને જઈને શ્રીમતી મધુબેન શુક્લના આશીર્વાદ લીધા અને કશ્યપભાઈ તથા સમગ્ર પરિવારની શુભેચ્છા મુલાકાત લઈને ભાવસભર સ્વાદિષ્ટ શિરામણ કર્યું હતું. પ્રેમ, આદર અને આતિથ્ય સત્કાર બદલ શુક્લ પરિવારનો શ્રી રૂપાલાએ હૃદયપૂર્વક આભાર માન્યો હતો. રાજકોટ ખાતે શ્રી મનસુખભાઈ સાવલીયાનાં નિવાસ સ્થાને તેમના પરિવારની શુભેચ્છા મુલાકાત કરી વિવિધ આગેવાનો સાથે શ્રી રૂપાલાએ ગોઠડી કરી હતી.

### અમરેલીમાં ભાજપનાં ઉમેદવાર શ્રી ભરત સુતરીયા દ્વારા જનસંપર્ક શરૂ

# અમરેલીમાં ભાજપની કોર કમિટીની બેઠક યોજાઇ

**અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સોશ્યલ મીડિયાના સાથે બેઠક : અમરેલી શહેર ખોડલધામ સમિતિ દ્વારા બેઠક : પ્રજાપતિ સમાજના આગેવાનો સાથે મુલાકાત**

**બાબરા ખાતે શ્રી સુતરીયાનાં અભિવાદન સમારોહમાં હજારો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ ગયાં**






અમરેલી,

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સોશ્યલ મીડિયાના સાથે બેઠક યોજવામાં આવી જેમાં નવા વિચારોના આદાન પ્રદાન સહિત ચુંટણી રણનીતિ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા , વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી મેહુલભાઈ ધોરાજીયા, લોકસભાનાં સહ સંયોજક શ્રી પુનાભાઈ ગજેરા, જિલ્લા સોશ્યલ મીડિયા ઈન્ચાર્જ શ્રી સાગરભાઈ સરવૈયા જિલ્લા મીડિયા સેલના સહ ઈન્ચાર્જ શ્રીધર્મેશભાઈ વિસાવલીયા, જિલ્લા ભાજપ યુવા મોરચા મહામંત્રી શ્રી મૌલિકભાઈ ઉપાધ્યાય સહિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે અમરેલી લોકસભાની ચૂંટણી અંતર્ગત પ્રદેશ મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડાનાં અધ્યક્ષ સ્થાને જિલ્લાની કોર કમિટી, ધારાસભ્યશ્રીઓ વિધાનસભાના પ્રભારીશ્રીઓ ઈન્ચાર્જશ્રીઓ સાથે બેઠક યોજાઈ જેમાં વિસ્તાર પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત બાબરા ખાતે યોજાયેલ અભિવાદન સમારોહમાં હજારો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા ત્યારે ખેસ પહેરાવી આવકાર્યા હતાં. દરમ્યાન અમરેલી ના પ્રભારી શ્રી હકુભા જાડેજા, વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસીયા, ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવીયા, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકાના અને મંડળના આગેવાનો સહિતના વિશાળ સંખ્યામાં કર્મઠ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

અમરેલી શહેર ખોડલધામ સમિતિ દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું આગામી કાર્યક્રમો બાબતે વિસ્તાર ચર્ચા કરવામાં આવી તેમજ સૌ આગેવાનોએ શુભકામનાઓ પાઠવી હતી. આ તકે ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયા, આગેવાનો શ્રી વસંતભાઈ મોવલીયા, શ્રી મનુભાઈ દેસાઈ, શ્રી રમેશભાઈ કાથરોટીયા, શ્રી દિનેશભાઈ ભુવા, શ્રી દીપકભાઈ વઘાસિયા, શ્રી સુરેશભાઈ દેસાઈ, શ્રી એ. બી. કોઠીયા, શ્રી દેવચંદભાઈ કાપોપરા, શ્રી દર્શનભાઈ ડોબરીયા, સહિત સમિતિના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં અને અમરેલી જિલ્લા ભાજપ ખાતે પ્રજાપતિ સમાજના આગેવાનો સાથે મુલાકાત કરી હતી. તેમ એક યાદીમાં જણાવાયું છે.


**મકાન વેચવાનું છે**

અમરેલીમાં તારવાડી પાસે
મીનીકસ્બા શેરી નં.૩
માં બે રૂમ રસોડું પાકુ નવું બાંધકામ
ટાઈટલ ક્લીયર સાથે
અતી મોકાનું મકાન વેચવાનું છે
સંપર્ક મો.૯૮૭૯૮ ૪૬૧૧૩

**શુધ્ધતામાં શ્રેષ્ઠ સ્વાદમાં સર્વશ્રેષ્ઠ**

ગરમીની સીઝનમાં અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ
ડ્રાયફ્રુટ શિખંડ, વેનીલા શિખંડ, પાઇનેપલ શિખંડ, એલચી શિખંડ, મેંગો શિખંડ, કેસર શિખંડ, બટર સ્કોચ શિખંડ, સ્ટ્રોબેરી શિખંડ
તેમજ દુધમાંથી બનાવેલી અવનવી મીઠાઇઓનો ખજાનો
શુધ્ધ સિંગતેલમાં બનાવેલ તાજુ ફરસાણ
ફરાળી વાનગીઓની વિવિધ રેંજ
અવધ ડેરીફાર્મ સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, અમરેલી ફોન : ૨૨૦૦૫૨

MUTUAL FUND SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

**સ્પેશિયલ મંદિર માટે**

આરતી, ઝાલર, મોરના અવાજની
સાઉન્ડ સિસ્ટમ, તમારી પસંદ મુજબ
બનાવી આપીશું. તેમજ કોઇપણ
મંત્ર જાપની કીટ બનાવી આપીશું
સ્વામિ ઇલેક્ટ્રોનિક મો.૯૮૯૮૨ ૪૮૭૮૯
સ્ટેશન રોડ, પરમ હાઇટ્સ બિલ્ડીંગ, પહેલા માળે,
ICICI બેંકની બાજુમાં પટેલ ટાયરની પાસે, અમરેલી

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

J M Pest Control Service
નિયંત્રણ
10
ઉધઈ
આપના ઓફિસ મકાન ટેનામેન્ટમાં ઉધઈ ની ટ્રીટમેન્ટ એકવાર જરૂર કરાવો.
ઉધઇ ન થવાની પુરા ૧૦ વર્ષની લેખીત ગેરંટી
વિજયભાઇ : ૯૫૩૭૦ ૪૨૩૦૮ ૮૨૦૦૯ ૦૯૨૯૨

FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**જગ્યા ભાડેથી આપવાની છે**

સત અમર હોટલવાળી જગ્યા
ભાડેથી આપવાની છે
લાલાવાવ હનુમાન આગળ, સાવન સીમેન્ટની
બાજુમાં, સોનાલીકા ટ્રેક્ટર્સની સામે,
ભાવનગર રોડ અમરેલી.
સંપર્ક : મો.૭૬૦૦૨ ૩૬૬૬૯,૯૯૨૫૨ ૧૧૬૬૯

### લોકસભાના ઉમેદવાર જેનીબેન ઠુંમરના સમર્થનમાં શહેર તેમજ અમરેલી તાલુકાના કોંગ્રેસ તેમજ આમ આદમી પર્ટીનાના આગેવાનો અને કાર્યકર્તાઓની બેઠક મળી

# અમરેલીમાં શ્રી જેની ઠુંમરને જીતાડી પરિવર્તન લાવવા હુંકાર

## જેનીબેન ઠુંમર, વિરજીભાઇ ઠુંમર, ઠાકરશીભાઇ મેતલીયા, પરેશભાઇ ધાનાણી સહિત કોંગ્રેસ અને આમઆદમી પાર્ટીના આગેવાનોની ઉપસ્થિતિ



અમરેલી,

અમરેલી તાલુકા - શહેર કોંગ્રેસ દ્વારા મિટિંગ નું આયોજન રાખવામાં આવ્યું હતું.લોકસભા ૨૦૨૪ ચૂંટણીલક્ષી લડત આપવા માટે સક્ષમ ઉમેદવાર જેનીબેન ઠુમ્મર ની ઉપસ્થિતિમાં જુના માર્કેટ યાર્ડ કોંગ્રેસ કાર્યાલયમાં સાંજના ૫ કલાકે ૨૮/૩/૨૦૨૪ ના રોજ રાખવામાં હતી.

જેમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા પુર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, પૂર્વ નેતા વિપક્ષ પરેશભાઈ ધાનાણી, આમ આદમી પાર્ટી ના જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, પૂર્વ ધારાસભ્ય શ્રી ઠાકરશીભાઈ મેતલીયા, પૂર્વ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શંભુભાઈ દેસાઈ, પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન જેપી સોજીત્રા, પૂર્વ બાંધકામ સમિતિના ચેરમેન ટીકુભાઈ વરુ તેમજ દરેક સમાજના કોંગ્રેસ કાર્યકર ભાઈઓ તેમજ ગામના કાર્યકરો ઉમટી પડ્યા હતા. અને કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો એવું ઉમેદવાર જેનીબેન ઠુમ્મર એ જણાવ્યું હતું.

## ગુજરાતમાં પેટ્રોલનો ભાવ ઘરને ૯૪.૨૮ પ્રતિ લીટર થઇ ગયો

(જી.એન.એસ),અમદાવાદ,

લોકસભાની ચૂંટણીઓ પહેલાં સરકારે આપી સૌથી મોટી ખુશખબર. દેશભરના કરોડો લોકોને સીધી અસર કરશે આ ખબર. જીહાં તમારા પાકીટને અને તમારા માસિક બજેટને મળશે બહુ મોટી રાહત. દેશભરમાં સરકારે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં કર્યો મોટો ઘટાડો. ખાસ કરીને ગુજરાતીઓને મોટો લાભ થશે. લોકસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ ચુકી છે. ઉમેદવારો પણ પોતપોતાના પ્રચારમાં લાગી ગયા છે. એવામાં પ્રજાને લુભાવવા માટે સરકાર પણ જે બાબતે હજુ પણ તેના હાથમાં છે તેમાં રિયાયત કરીને મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરતી રહે છે.




શુભ મંગલ ને વધાવે,
"મધુવન" હર નારી ને દીપાવે
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvan gold art | madhuvangold.in




અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
**હારમની વિકેન્ડ વિલા**
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા




આ છે અહીંની વિશેષતાઓ...
- વિક્ટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :-
સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩


**Bandhan Bank** | રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોનઃ ૨૬૪૨૧૬૭૧-૭૫

**બાકીદારો માટે માંગણાની નોટિસ**

નીચે જણાવેલ ખાતું એન.પી.એ. માં પરિવર્તિત થયેલ છે અને બંધન બેંક દ્વારા સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ (ધ એક્ટ), ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ નીચે જણાવેલ કર્જદારોને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવેલ હતી જે પરત ફરી છે. આથી આપ તમામને અને જાહેર જનતાને મોટા પ્રમાણમાં આ પ્રકાશન દ્વારા નોટિસ જારી કરવામાં આવે છે.

| લોન લેનારનું નામ, ગેરન્ટર અને લોન ખાતા નં. | મોર્ગેજ કરેલ મિલકતનું વર્ણન (સિક્યોર્ડ એસેટ) | ડિમાન્ડ નોટિસ ની તારીખ/NPA તારીખ | ડિમાન્ડ નોટિસની તારીખે બાકી રહેતી રકમ (રૂ.માં) | નોટિસ લગાવ્યાની તારીખ |
|---|---|---|---|---|
| શ્રી રાજુભાઈ શાંતિલાલ હિંગુ<br>શ્રીમતી દક્ષાબેન રાજુભાઈ હિંગુ<br><br>શ્રી મનીષકુમાર વ્રજલાલ કાનાબાર<br>શ્રી કિશોરભાઈ જીવાભાઈ બારૈયા<br>૨૦૦૦૨૧૬૦૦૦૦૩૮૭ | તમામ ચલ અને અચલ સંપત્તિ જે સી.એસ.નં. ૨૫૪૩, ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, બિલ્ટ-અપ વિસ્તાર ૩૨.૭૦ ચો. મીટર, સાગર કોમ્પલેક્ષ, રામજી મંદિર પાસે, મુ.તા.- રાજુલા, જિ. અમરેલી - ૩૬૫૫૬૦ સ્થિત છે અને જે આવરિત છેઃ<br>ઉત્તરઃ દાદર, પૂર્વઃ લોબી, પશ્ચિમઃ સમાન ફ્લેટની દિવાલ અને નીચે પાર્કિંગ રોડ, દક્ષિણઃ ફ્લેટ નં.૧૦૩ | ૧૩.૦૩.૨૦૨૪/<br>૦૩.૦૯.૨૦૨૩ | રૂ.૧,૨૧,૫૧૬.૬૪ | ૧૯.૦૩.૨૦૨૪ |

આ નોટિસ દ્વારા બેંક તમને પુનઃ ચૂકવણી કરવાની માંગણી કરે છે જે પુનઃ ચૂકવણી તમારા નામે રહેલી બાકી રકમ, વ્યાજ, ખર્ચ અને શુલ્ક સહિત આ નોટિસની તારીખથી ૬૦ દિવસમાં ભરવાની રહેશે, જેમાં તમે નિષ્ફળ રહેશો તો બેંક સરફેસી (SARFAESI) કાયદાની કલમ ૧૩(૪) અન્વયે ઉલ્લેખિત કોઈ અથવા તમામ પ્રકારનાં પગલાં આગળના સમયમાં લઈ શકે છે. સિક્યોર્ડ એસેટને રીડીમ કરવા/પરત મેળવવા ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ કર્જદાર/મોર્ગેજ મૂકનારનું ધ્યાન દોરવામાં આવે છે.

સ્થળઃ અમરેલી
તારીખઃ ૨૯/૦૩/૨૦૨૪

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


**સંકુલ ધો. ૬ થી ૧૨ કુમાર શાળા - નવા પ્રવેશ ચાલુ**
**ગયા વર્ષ થી - ગુજરાતી મિડીયમ - નવી કુમાર શાળા ચાલુ**

| ધોરણ | છમાસિક-ફી | ધોરણ | છમાસિક-ફી |
|---|---|---|---|
| ધો. ૬ થી ૮ કુમાર | ૨૯૦૦ | ધો. ૧૧-૧૨ કોમર્સ કુમાર | ૪૩૦૦ |
| ધો. ૯-૧૦ કુમાર | ૩૫૦૦ | ધો. ૧૧-૧૨ સાયંસ કુમાર | ૧૨૨૦૦ |

★ સીટી - અપડાઉન - બોર્ડીંગ સ્ટુડન્ટ્સને પ્રવેશ - રૂમ રાખનારને નહી.
★ બાયપાસ ગેઈટ - CBSE ન્યુ બિલ્ડીંગ - સેપરેટ કમ્પાઉન્ડ - બપોરની શીફ્ટ
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 144



**મુકુંદરાય એન્ડ બ્રધર્સ**
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ,
અમરેલી. મો.99747 72377

**આપના વાહનમાં કાર્બન કલીનીંગ કરાવો અને વાહનનું આયુષ્ય વધારો...**
વિકસીત દેશોમાં પ્રચલીત અને ભારતમાં ધુમ મચાવતી આ ટેકનોલોજી હવે આપણા અમરેલી શહેરમાં ઉપલબ્ધ. હાઇડ્રોઓક્સી ગેસની મદદથી સરળ અને સલામત રીતે એન્જીનમાં જમા થયેલ કાર્બનની જડમુળથી સફાઇ

**કાર્બન કલીનીંગથી થતા ફાયદાઓ**
- પીક - અપ વધે છે.
- એવરેજ વધે છે.
- ધુમાડો (પોલ્યુશન) ઘટે છે.
- વાયબ્રેશન, લોકીંગ ઘટે છે.
- એન્જીન ઓઇલનો વપરાશ ઘટે છે.
- એન્જીનનાં ખર્ચાળ રીપેરીંગ ઘટે છે.
- એન્જીનનો અવાજ ઘટે છે.
- એન્જીનની તાકાત વધે છે.
- એન્જીનની કાર્યદક્ષતા વધે છે.
- એન્જીનનું આયુષ્ય વધે છે.



એન્જીનનું કાર્બન કલીનીંગ થયા પછી ડ્રાઇવીંગ કરવામાં એક અનેરો અહેસાસ મહેસુસ થાય છે.

અદ્યતન ટેકનોલોજીથી માત્ર એન્જીનનું
30
**કાર્બન કલીનીંગ**
મેળવો નવા એન્જીન જેવું પરફોર્મન્સ તે પણ એન્જીન ખોલ્યા વિના.

વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો
**ગુલઝાર કાર ટાયર કેર**
અયુબભાઇ ટાંક મો.૯૮૨૪૪ ૫૮૫૩૦
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, જી.ઇ.બી.ગલી કોર્નર, અમરેલી

Avadh HERITAGE "One step close to paradise"
॥ અતિથી દેવો ભવ ॥
સૌરાષ્ટ્રનું નંબરવન નઝરાણું
કે.બી.ગ્રુપ
**અવધ હેરિટેજ રિસોર્ટ**
**શુભ લગ્ન, રીંગ સેરેમની, મેરેજ એનીવર્સરી, બર્થ ડે**
- ડીલક્ષ રૂમ, સુપર ડીલક્ષ રૂમ
- મહારાજા - મહારાણી સ્યુટ રૂમ
- ફેમીલી રૂમ, પ્રિમીયમ રૂમ
- એસી બેંક્વેન્ટ હોલ - કલબ હાઉસ કોટેજ
- સ્વીમીંગપુલ
- ડીસ્કોથેક
- ઇનડોર ગેમ, જીમ - સિનેમા



અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮


**યોજના - ૧**
વાર્ષિક લવાજમ માત્ર રૂપીયા **૭૯૯/-** માં વર્ષભર મેળવો અવધ ટાઇમ્સ

**વાર્ષિક લવાજમ યોજના**
સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
આજે જ આપના ગામના, આપની નજીકના અવધ ટાઇમ્સના અધિકૃત એજન્ટ પાસે લવાજમ ભરી વર્ષભર મેળવો ખબરોનો ખજાનો ઘરબેઠા

**યોજના - ૨**
વાર્ષિક લવાજમ **૮૫૦/-** સાથે મેળવો ઇન્સ્યુલેટેડ વોટર બોટલ



લવાજમની મુદત તા.૧-૪-૨૪ થી ૩૧-૩-૨૦૨૫ | વધુ માહિતી માટે સંપર્ક કરો :- (૦૨૭૯૨) ૨૨૩૮૯૬, ૨૨૪૮૯૬

અવધ ટાઇમ્સનું લવાજમ કાર્યાલય ઉપર પણ સ્વીકારાય છે | અમરેલીમાં અવધ ટાઇમ્સ મેળવવા માટે : નિર્મળ ન્યુઝ મો.૯૪૨૬૨ ૧૯૬૨૦

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
# અવધ ટાઈમ્સ
તા.૨૯-૦૩-૨૦૨૪ શુક્રવાર

# ઈઝરાયલ યુદ્ધ વિરામ નહિ સ્વીકારે તો શું થશે...? આખી દુનિયાને અસર થશે

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લા લગભગ છ મહિનાથી જંગ ચાલી રહ્યો છે ત્યારે છેવટે જંગ બંધ થશે કે નહીં એ ખબર નથી પણ તેના કારણે દુનિયાના બીજા દેશો અને ઈઝરાયલ સામસામે આવી જશે એવું ચોક્કસ લાગી રહ્યું છે. ઈઝરાયલે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના યુદ્ધવિરામના ઠરાવને ફગાવી દેતાં યુનાઈટેડ નેશન્સના મહત્ત્વ સામે પણ સવાલ ઊભો થઈ ગયો છે. ઈઝરાયલે યુનાઈટેડ નેશન્સને જ સીધો પડકાર દીધો છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

મુસ્લિમો માટે પવિત્ર મનાતા રમઝાન મહિનાને ધ્યાનમાં રાખીને ગાઝામાં તાત્કાલિક સીઝફાયર કરવા માટે સોમવારે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (શજીભ)માં મૂકાયેલા ઠરાવના સમર્થનમાં ૧૫માંથી ૧૪ દેશોના મત પડ્યા જ્યારે અમેરિકા મતદાનથી દૂર રહેતાં આ ઠરાવ પસાર થઈ ગયો. આ ઠરાવમા હમાસ દ્વારા બાનમાં આવેલા તમામ લોકોને કોઈ શરત વિના તાત્કાલિક મુક્ત કરવા અને ગાઝાને માનવતાવાદી સહાય પૂરી પાડવા માટેના તમામ અવરોધોને દૂર કરવા કહેવામાં આવ્યું છે.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ એટલે કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (શજીભ)એ યુદ્ધવિરામનો ઠરાવ પસાર કરતાં છેવટે યુદ્ધ રોકાય એવા અણસાર લાગી રહ્યા હતા પણ ઈઝરાયલે તેનો મિજાજ બતાવીને તડ ને ફડ કરીને કહી દીધું છે કે, તમારાથી થાય એ તોડી લો પણ યુદ્ધ તો નહીં જ રોકાય. ઈઝરાયલના વિદેશ પ્રધાન કાત્ઝે સાફ શબ્દોમાં કહી દીધું છે કે, અમે ગાઝામાં ફાયરિંગ બંધ નથી કરવાના. ઈઝરાયલ હમાસનો ખાતમો ના કરે અને જ્યાં સુધી બાનમા લેવામાં આવેલી દરેક છોડવામાં નહીં આવે.

આ લોકો સહીસલામત પોતપોતાનાં ઘરે પહોંચી ના જાય ત્યાં સુધી અમે યુદ્ધ ચાલુ રાખીશું. ઈઝરાયલ તો આ જંગ રોકવા રાજી જ નથી પણ યુનાઈટેડ નેશન્સના માધ્યમથી તેને યુદ્ધવિરામની ફરજ પાડવા મુસ્લિમ દેશો મથ્યા કરતા હતા તેમાં યુ.એન. ગયેલા પણ ઈઝરાયલે યુ.એન.ને જ એક, બે ને સાડા કરી નાંખ્યું છે.

ઈઝરાયલ હમાસનો ખાતમો કરવા પૂરી તાકાતથી મચી પડ્યું તેમાં ગાઝા ખંડિયેર બની ગયું છે અને હમાસની ફેં ફાટી ગઈ છે. હમાસમાં તો ઈઝરાયલને રોકવાની તાકાત નથી તેથી જંગને રોકવા માટે સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના દેશોના પગ પકડ્યા છે. તેના પગલે સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના ઈઝરાયલને હુમલો રોકવા વારંવાર વિનવણીઓ અને આજીજીએઓ કરી જોઈ પણ ઈઝરાયલ મચક જ નહોતું આપતું તેથી છેવટે સાઉદી અરેબિયા અને યુએઈ સહિતના દેશોએ યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં જવું પડેલું પણ ત્યાંય અમેરિકા ઈઝરાયલ સામે સુરક્ષા કવચ બનીને ઊભું રહી જતું તેથી યુદ્ધવિરામ થતો જ નહોતો.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં યુદ્ધને રોકવા માટે પહેલી વાર ઠરાવ માલ્ટાએ નવેમ્બર ૨૦૨૩માં રજૂ કરેલો જ્યારે બીજી વખત ડિસેમ્બર ૨૦૨૩માં યુએઈએ ઠરાવ મૂકેલો ત્રીજી વખત ફેબ્રુઆરી ૨૦૨૪માં ઉત્તર આફ્રિકન દેશ અલ્જેરિયાએ યુદ્ધવિરામનો ઠરાવ મૂકેલો પણ અમેરિકાએ તેને ત્રણેય વખત વીટો વાપરીને ઠરાવ પસાર નહોતો થવા દીધો. રમઝાનને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સીઝફાયર માટે સોમવારે ઠરાવ પર મતદાનથી અમેરિકા દૂર રહ્યું તેમાં ઠરાવ પસાર થઈ ગયો.

યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવને આંતરરાષ્ટ્રીય સ્તરે કરાતું એક પ્રકારનું ફરમાન ગણવામાં આવે છે અને યુનાઈટેડ નેશન્સના સભ્ય દેશોએ તેનું પાલન કરવું જરૂરી છે. ઈઝરાયલ યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલનું કાયમી સભ્ય નથી પણ. યુનાઈટેડ નેશન્સમાં સભ્ય છે તેથી પણ આ ઠરાવને માનવા બંધાયેલું છે પણ ઈઝરાયલે ધરાર ઈન્કાર કરી દીધો છે તેથી યુનાઈટેડ નેશન્સ સલવાઈ ગયું છે કેમ કે યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલના ઠરાવનો અમલ કરાવવાની તેની પાસે સત્તા નથી ને ઈઝરાયલ પ્રેમથી માને તેમ નથી તેથી બીજો કોઈ કોઈ રસ્તો નથી.

કોઈ દેશ આ ઠરાવ ના તો બહુ બહુ તો સભ્ય દેશોની સંમતિથી પ્રતિબંધો લાદી શકાય છે પણ ઈઝરાયલ પર પ્રતિબંધ માટેનો ઠરાવ લવાય તેને અમેરિકા પસાર ના થવા દે કેમ કે અમેરિકા પાસે તેને રોકવાનો વીટો છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ અને ચીન આ પાંચ દેશો પાસે વીટો પાવર છે. કાઉન્સિલમાં કોઈ પણ ઠરાવ આ પાંચ દેશોની સંમતિ વિના પ્રસ્તાવ પસાર કરી શકાતો નથી કે લાગુ કરી શકતો નથી. આ પાંચ કાયમી સભ્યોમાંથી એક પણ દેશ વીટો વાપરે તો ઠરાવ પસાર થતો નથી. યુદ્ધવિરામના ઠરાવ પર મતદાનથી અમેરિકા દૂર રહ્યું પણ ઈઝરાયલ પર પ્રતિબંધોના ઠરાવ વખતે અમેરિકા ચૂપચાપ તમાશો કરે એ વાતમાં માલ નથી. અમેરિકા વીટો વાપરશે જ તેમાં શંકા નથી.

અમેરિકા યુદ્ધવિરામ પર મતદાન વખતે અળગું રહ્યું તેની સામે ઈઝરાયલે નારાજગી વ્યક્ત કરી છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ઈઝરાયેલના પ્રતિનિધિમંડળની વોશિંગ્ટનની મુલાકાતને રદ કરી દીધી. તેના કારણે અમેરિકા અને ઈઝરાયલના સંબંધો તણાવપૂર્ણ બની ગયા હોવાની વાતો છે પણ અમેરિકા અને ઈઝરાયલ એક જ છે તેથી અમેરિકા ઈઝરાયલને પડખે પાછું ઊભું જ રહેશે તેમાં બેમત નથી.

ઈઝરાયલે જે વલણ લીધું છે એ બિલકુલ યોગ્ય છે કેમ કે ઈઝરાયલે ગાઝા પર આક્રમણ નથી કર્યું પણ હમાસે ઈઝરાયલ પર આક્રમણ કરેલું. ઈઝરાયલે તો હુમલાનો બદલો લેવા ગાઝા પર કર્યો છે. હમાસની ફેં ફાટી ગઈ તેમાં તેને હવે યુદ્ધવિરામ જોઈએ છે પણ યુદ્ધ હમાસે છેડ્યું તેથી તેને યુદ્ધવિરામનો અધિકાર જ નથી. હમાસે સાત ક્ટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયલ પરના હુમલો કરીને બે હજારથી વધારે લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. હમાસે ગાઝામાં લગભગ ૨૩૪ લોકોને બાનમાં પણ લીધા હતા.

ઈઝરાયલે નવેમ્બર દરમિયાન એક વાર યુદ્ધ રોકેલું. સાત દિવસ સુધી ઈઝરાયલે ગાઝા પરના હુમલા રોકી દીધા ત્યારે હમાસ પાસે બાનમાં લીધેલા તમામ લોકોને છોડીને યુદ્ધ સમાપ્ત કરાવવાનો વિકલ્પ હતો પણ હમાસે ૧૦૭ બંધકોને મુક્ત કરતાં ઈઝરાયલે પાછા હુમલા શરૂ કરવા પડેલા. આ સંજોગોમાં ઈઝરાયલનો વાંક કઈ રીતે કાઢી શકાય? હમાસ પણ કોઈ પણ શરત વિના તમામ લોકોને મુક્ત કરી દે તો કદાચ યુદ્ધ રોકાઈ જાય.

# રાજકોટમાં સોશ્યલ મિડીયામિટ કાર્યક્રમ યોજાયો



રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર સોશિયલ મીડિયા મીટ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ડો. ભરતભાઈ બોઘરા, સાંસદશ્રીઓ શ્રી રામભાઈ મોકરિયા, શ્રી મોહનભાઈ કુંડારિયા, રાજકોટ લોકસભાના ઉમેદવાર શ્રી પરસોત્તમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશભાઈ દોશી, રાજ્ય સરકારના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યશ્રીઓ શ્રી ડો દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ તિલાળા, પ્રદેશ સોશીયલ મિડીયા કન્વીનરશ્રી મનનભાઈ દાણી સહીત પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૯.૩.૨૦૨૪ શુક્રવાર, સંવંત ૨૦૮૦ ફાગણ વદ ચોથ, વિશાખા નક્ષત્ર, વજ યોગ, બવ કરણ આજે બાપરે ૨.૦૯ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) ત્યારબાદ વૃશ્ચિક (ન,ય) રહેશે.

મેષ (અ,લ,ઈ) : નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશ થી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.
વૃષભ (બ,વ,ઉ) : જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : તબિયતની કાળજી લેવી, ખાવા-પીવા માં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કર્ક (ડ,હ) :પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.
સિંહ (મ,ટ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે, પરિવાર સાથે આનંદ કરી શકો.
તુલા (ર,ત) : તમારા સૌમ્ય વાણી વર્તન થી કાર્ય સિદ્ધ થાય, એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.
વૃશ્ચિક (ન,ય) : નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક અને શુભ રહે.
ધન (ધ,ભ,ફ,ઢ): કામકાજ માં નુકસાની ના જાય એ જોવું, ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી. મધ્યમ દિવસ.
મકર (ખ,જ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે, લેખન વાંચન મંથન થી આનંદ મળે. રચનાત્મક કાર્ય કરી શકો.
કુંભ (ગ,સ,શ) :વેપારીવર્ગ ને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે. નોકરિયાતવર્ગે સમજી ને ચાલવું.
મીન (દ,ચ,ઝ,થ): ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્ય માં સહભાગી થઈ શકો. આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

ડ્રાઇવમાં ત્રણ વાહનચાલકો સહિત ૨૩નો નશો પોલીસે ઉતાર્યો

# અમરેલી જિલ્લામાં નશો કરેલા ૨૩ને ઝડપી લીધા

## જિલ્લામાં ૧૩ સ્થળોએ દેશીદારૂના દરોડા પાડી મુદામાલ સાથે ત્રણ મહિલા સહિત ૧૧ને ઝડપી લીધા

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

અમરેલી જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દારૂ અને જુગારની પ્રવૃતિને નેસદનાબુદ કરવા માટે પોલીસ દ્વારા કાર્યવાહીઓ દૌર શરૂ રાખેલ છે જેમાં અમરેલી જિલ્લા ૩ વાહનચાલક સહિત ૨૩ શખ્સોને સાવરકુંડલા, બાબરા, ચલાલા, ડુંગર, જાફરાબાદ, ખાંભા, નાગેશ્રી, અમરેલી રૂરલ, મરીન પીપાવાવ, ધારીમાંથી પોલીસે નશો કરેલી હાલતમાં ઢીંગલી થયેલા ૨૩ શખ્સોને ઝડપી લઈ સરભરા કરી જેલની હવા ખવડાવી હતી. જયારે જિલ્લામાં ૧૩ સ્થળોએ ૩ મહિલા સહિત ૧૧ શખ્સોને પોલીસે દેશી દારૂના દરોડાઓ પાડી મુદામાલ સાથે ઝડપી પાડેલ જેમાં જાફરાબાદ, નાગેશ્રી, અમરેલી રૂરલ, મરીન પીપાવાવ, ધારી, અમરેલી શહેર, સાવરકુંડલા રૂરલ, રાજુલા, લીલીયા, સાવરકુંડલા શહેરમાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલી જિલ્લામાં કમોતના વધુ બે બનાવો

## હામાપુરમાં પ્રૌઢનું સીડી પરથી પડી જતાં અને રાજુલામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)અમરેલી જિલ્લામાં વધુ બે કમોતના બનાવો પોલીસમાં જાહેર થયેલ છે. જેમાં બગસરા તાલુકાના હામાપુર ગામે દિનેશભાઈ મોહનભાઈ વિકાણી ઉ.વ.૫૮ તા.૧૯-૩ના રાત્રીના જમીને ઘરની અગાસી ઉપર સુવા જતાં હતા તે દરમિયાન સીડી ચડતા પડી જતાં માથામાં ગંભીર ઈજા થતાં મોત નિપજયાનું જેન્તીભાઈ મોહનભાઈ વિકાણીએ બગસરા પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે રાજુલા શ્રીજીનગર સાર્વજનીક પ્લોટ પાસે મુળ છતીસગઢના મુળ ગોવિંદપુર તા.જી. જામનગરના દિલીપ કુમાર સલીરામ યાદવ, ઉ.વ.૪૨ના પત્ની છેલ્લા એક મહિનાથી તેના વતનમાં કામકાજ અંગે ગયેલ હોય અને હોળી ધુળેટીનો તહેવાર પુર્ણ થતાં રાજુલા આવેલ ન હોય. જેથી પત્નીના વિરહમાં છેલ્લા બે દિવસથી ગુમસુમ રહેતા હોય અને પોતાને લાગી આવતા રાજુલા શ્રીજીનગર સાર્વઝનિક પ્લોટમાં આવેલ ઝાડની ડાળી સાથે ટીર્શટ તથા લુંઘી બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું હેંમતકુમાર સલીરામ યાદવે રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

ઘર પાસે ઉભા રહેવાની ના પાડતા

# સાવરકુંડલામાં બે જુથ વચ્ચે મારામારી

## પાઇપ વડે મારમારી ઇજા કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

સાવરકુંડલામાં અલખધણીના ડેલા પાસે મયુરભાઈ રાજુભાઈ ગોહિલ ઉ.વ.૨૨ના ઘર આગળ મિતગીરી મુકેશગીરી ગૌસ્વામી ઉભેલ હોય તેને ઘર આગળ ઉભા રહેવાની ના પાડતા મિતગીરી તથા તેના પિતા મુકેશગીરીએ મયુરભાઈ તથા તેના કુટુંબીઓને ગાળો બોલી લોખંડના પાઈપ વડે મયુરભાઈને મિતગીરીએ માથામાં પાઈપ મારતા પાંચ ટાંકા લાવી મુકેશગીરીએ મયુરભાઈના ભાઈ મિત ગોહિલને માથામાં પાઈપ મારી ઈજા કરી બા નિરૂબેનને પાઈપ વડે માથામાં મારમારી ધમકી આપી એકબીજાએ મદદગારી કર્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે મિતગીરી મુકેશગીરી ગૌસ્વામી ઉ.વ.૨૩ને મયુર રાજુભાઈ ગોહિલ, મિત રાજુભાઈ ગોહિલે ગાળો બોલી લોખંડના પાઈપ વડે મિતગીરી તથા તેના કુટુંબીને લોખંડના પાઈપ વડે મારમારી ઈજા કરી ધમકી આપ્યાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

નવેક મહિના પહેલા પ્રેમલગ્ન કરેલ હોવાનું મનદુખ રાખી

# લીલીયા નજીક પાંચતલાવડા ગામે બે જુથોની વચ્ચે મારમારી

## ઝઘડો કરી લાકડી અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામે રંજનબેન જગદિશભાઈ શિહોરા ઉ.વ.૩૯ના ભત્રીજા સાગરભાઈએ નવેક મહિના પહેલા પ્રેમલગ્ન કરેલ હોય તેનું મનદુઃખ રાખી મિલન વિપુલભાઈ વેકરીયા, મધુ સવજીભાઈ ગાંભા, રાજુ માવજીભાઈ વેકરીયાએ રંજનબેન તથા રેખાબેનને રસ્તામાં પ્રેમ લગ્ન બાબતે ગાળો બોલી મિલને રંજનબેનને માથામાં લાકડાના ધોકાવડે મારમારતા ધર્મેશભાઈ છોડાવવા વચ્ચે આવતા તેમને મધુએ લાકડાના ધોકા વડે માથામાં મારી ગાળો બોલી આડેધડ ઢીકાપાટુનો મારમારી ઉષાબેન વિપુલભાઈ વેકરીયા, હંસાબેન મધુભાઈ ગાંભા, દયાબેન રમેશભાઈ ગાંભાએ ગાળો બોલી ધમકી આપી એકબીજાએ મદદગારી કર્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે રાજુભાઈ માવજીભાઈ રાઠોડ ઉવ.૩૫ની ભત્રીજી સેજલબેને પ્રેમલગ્ન કરેલ અને બન્ને પરિવારોને બોલવા ચાલવાના સબંધો ન હોય. તેનું મનદુઃખ રાખી રજંનબેન જગદિશભાઈ સિહોરા, કાળીબેન જગદિશભાઈ શિહોરા, શોભાબેન વજુભાઈ શિહોરા રાજુભાઈના ઘર પાસે આવી પરિવારજનો સાથે ઝઘડો કરી ગાળો બોલી ઝપાઝપી કરી જગદિશ નાનજીભાઈ શિહોરા, વજુ નાનજીભાઈ શિહોરા, ધર્મેશ વજુભાઈ શિહોરા, હાથમાં લાકડીઓ લઈ ઘરની ડેલી આગળ આવી રાજુભાઈ તથા તેના પરિવારને ગાળો બોલી જીવીબેનને ધર્મેશે વાસામાં તથા માથાના ભાગે લાકડી વડે મારમારી ઈજા કરી કુટુંબીઓને લાકડી તથા ઢીકાપાટુ વડે મુંઢમાર મારી ધમકી આપ્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કોલડાના બસ સ્ટેન્ડ પાસે બાઇક સ્લીપ થઇ જતાં પાછળ બેઠેલ શખ્સને ગંભીર ઇજા થતાં મોત થયું

## ગંભીર ઇજા થતાં સારવાર દરમિયાન મોત નિપજયું

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

કોલડા ગામના બસ સ્ટેન્ડ પાસે બાઈક ચાલક પંકજ બહાદુરભાઈ બગેલ મોટા આંકડીયાવાળાએ પોતાનું બાઈક પુર ઝડપે અને બેફિકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક રોડ ઉપર સ્લીપ થઈ જતાં બાઈક પાછળ બેઠેલા જામસિંગ કનાસિંગ મોહનીયાને શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવ્યાની મુળ એમપીના હાલ સનાળા માધાભાઈ મોવલીયાની વાડીમાં કામ કરતા રાકેશભાઈ રામસીંગ મોહનીયાએ વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના હાથસણીમાં પરિણીતાને મારમારી ત્રાસ અપાતા ફીનાઇલ પી લીધું

## પરિણીતાને લાગી આવતા ફીનાઇલ પી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)
સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે રહેતી રંજનબેન દિપકભાઈ ગોહિલ ઉ.વ.૨૬ને તેના લગ્ન બાદ પતિ સાસુ સસરા કરિયાવર બાબતે તેમજ કામકાજ અંગે શારિરીક તથા માનસિક ત્રાસ આપી અવાર નવાર મેણા મારી પતિ દિપક ગોહિલે બે ત્રણ વખત મારમારેલ તા. ૨૬-૩ના રાત્રીના ૯-૦૦ કલાકે સાસુ અને સસરાએ છોકરાઓ બાબતે ઝઘડો કરી ગાળો બોલી પતિએ ગાળો બોલી ઝઘડો કરતા પોતાને મનમાં લાગી આવતા રંજનબેનને બે ત્રણ ઢાંકણા ફિનાઈલ પી જતાં પતિ દિપક છગનભાઈ, સસરા છગન મેઘાભાઈ, સાસુ સવિતાબેન છગનભાઈ ગોહિલે એકબીજાએ મદદગારી કર્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### સાવરકુંડલામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, સાવરકુંડલા મણીનગરમાં રહેતા સિંકદરશા સુવાલીશા રફાઈ ઉ.વ. ૨૮ નો ટેકનો કંપનીનો મોબાઈલ સીમ સાથેનો રૂ/. ૬૭૦૦ ની કિંમતનો શર્ટના ખીસ્સામાંથી કયાંક પડી જતા કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી અને સાવરકુંડલામાં જુગારના દરોડા

## ૯ શખ્સોને મોબાઇલ અને રોકડ મળી રૂા. ૩૪,૨૭૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)
અમરેલી ચિતલ રોડ સંધી સોસાયટી નિરવાડા નદી કાંઠે જાહેરમાં હારજીતનો જુગાર રમતા તન્વીર ઉર્ફે તન્નુ હનીફભાઈ નગરીયા, રસુલખાન મહોબતખાન પઠાણ, સબીર ઉર્ફે સબ્બો મહેબુબભાઈ ચૌહાણ, અસ્લમ મયુદિનભાઈ મલેકને પો.કોન્સ. દિપકભાઈ પરમારે રોકડ રૂા.૧૧,૨૧૦ના મુદામાલ સાથે તેમજ સાવરકુંડલા અમરેલી રોડ પર આવેલ હરિ કૃષ્ણ કોલ્ડ સ્ટોરેજના કારખાના સામે જાહેરમાં મોબાઈલમાં વરલીનો જુગાર રમાડતા તન્વીર મુસાભાઈ ઝાખરા, અકબર, મુન્નો મોચી, મંગાભાઈ, અનકભાઈને હે.કોન્સ. જીતેન્દ્રભાઈ રાઠોડે એક મોબાઈલ રૂા.૨૦,૦૦૦ તથા રોકડ રૂા. ૩૦૬૦ અને સાહિત્ય સાથે કુલ રૂા.૨૩,૦૬૦ના મુદામાલ સાથે તન્વીર મુસાભાઈ ઝાખરાને ઝડપી પાડયો હતો. જયારે અકબર, મુન્નો મોચી, મંગાભાઈ તથા અનકભાઈ હાજર મળી આવેલ ન હતાં.

# અમરેલી એઆરટીઓ દ્વારા મોટરસાયકલ અને મોટરકાર માટેની નવી સિરીઝ માટે ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરાશે

અમરેલી, અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટર સાયકલ માટેની માટેની નવી સિરીઝ ય્વ૧૪AN,AQ,AR,AS,BB,BC,BE,BF ૦૦૦૧ થી ૯૯૯૯ માટે અને મોટર કારની નવી સિરીઝ GJ૧૪AP,BA,BD, ૦૦૦૧ થી ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૦૪.૦૪.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા થી તા.૦૬.૦૪.૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા.૦૬.૦૪.૨૦૨૪થી તા.૦૮.૦૪.૨૦૨૪ સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૦૮.૦૪.૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http&//parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને કવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. દ્વારા નક્કી કરવામાં આવેલ દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ધારી માર્કેટયાર્ડના ચેરમેન શ્રી સોજીત્રાએ અમરેલી જિલ્લા રજીસ્ટારને રજુઆત કરી

## યુનિફાઇડ લાયસન્સ રિન્યુ માટે કરેલ નિયમમાં ફેરફાર કરવા માંગ

અમરેલી, આપની કચેરી દ્વારા તા.૨૧-૨-૨૪થી કરવામાં આવેલ પરિપત્ર મુજબ જે વેપારી/પેઢી દ્વારા ઓછામાં ઓછી રૂા.૨૫,૦૦૦ કે તેથી વધારે માર્કેટ ફી ભરેલ હોય તેને જ લાયસન્સ રિન્યુ કરવા માટે જ જણાવેલ છે. તે બાબતે બજાર સમિતી ધારીના વેપારી ઓસોસિએશન દ્વારા બજાર સમિતીને રજુઆત મળેલ છે. જે અંગે જણાવાનું કે બજાર સમિતિ ધારીમાં છેલ્લા બે વર્ષથી જ યાર્ડ સેલ શરૂ થયેલ છે, જણસીની આવક પણ ખુબજ મર્યાદિત થતી હોય. દરેક વેપારી રૂા.૨૫,૦૦૦ની માર્કેટ ફી ભરી શકે નહીં. કારણ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં બજાર સમિતીમાં કુલ ૨૪,૩૨૩ કવીન્ટલ માલની આવક થઈ છે. જેની કિંમત રૂા. ૧૩,૬૯,૮૨,૨૦૩ થાય તે મુજબ ૦.૫૦ પૈસા લેખે માર્કેટ ફી રૂા.૬,૮૪,૯૦૦ થાય આમ બજાર સમિતીના કુલ ૭૧ લાયસન્સદારો વચ્ચે રૂા.૯૬૫૦ પ્રતિ વેપારી માર્કેટ ફી થાય. આમ જે વેપારી બજાર સમિતિમાં નિયમીત ખરીદી કરતા હોય તેવા વેપારીઓ પણ લાયસન્સથી વંચિત રહે તો યાર્ડ સેલમાં પણ અસર થાય તો અમારી આ રજુઆતને ધ્યાને લઈ ઉપરોકત પરિપત્રમાં યોગ સુધારો કરી નિયમીત વેપાર કરતા વેપારીઓને સમયસર લાયસન્સ રિન્યુ કરી આપવા ધારી યાર્ડના ચેરમેન રમણીકભાઈ સોજીત્રા દ્વારા અમરેલી જિલ્લા રજીસ્ટારને રજુઆત કરી છે.

# શ્રી સ્વામી વિવેકાનંદ લિખિત ક્વિઝમાં આરજેએચ હાઇસ્કુલની વિદ્યાર્થીની પ્રથમ

## વિવિધ મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીનીનું સન્માન કરાયું



અમરેલી, વર્ષ-૨૦૨૩-૨૪ નું રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ લેખિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન શ્રી ’રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું. લેખિત ક્વિઝ સ્પર્ધામાં બોટાદ જીલ્લામાં અનેક શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં આર.જે.એચ. હાઈસ્કૂલ, ઢસા જંકશનની વિદ્યાર્થીની સિંધવ પ્રિયા પરેશભાઈ બોટાદ જીલ્લામાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી. શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા આયોજિત સન્માન કાર્યક્રમમાં મંત્રીશ્રીઓ તથા વિવિધ મહાનુભવો દ્વારા તેનું સન્માન કરવામાં આવ્યું હતું. જીલ્લાના અધિકારીશ્રીઓ, તથા પદાધિકારીશ્રીઓ, શાળાના ડી.બી. રોય, શાળાના આચાર્યશ્રી ડો. જી.બી. હેરમા તથા શાળા પરિવાર દ્વારા સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીનીને અભિનંદન આપવામાં આવ્યા હતા.

# લીલીયામાં ક્રિષ્ના કો. ઓ. મંડળીમાંથી ધિરાણ લઈ હપ્તા નહિ ભરનારને ૨ વર્ષની સજા : દંડ

## લીલીયા કોર્ટમાં કેસ ચાલી જતા આપેલો ચુકાદો : આરોપી સામે સજા વોરંટ ઇસ્યુ કરાયું



અમરેલી, લીલીયા મોટા ક્રિષ્ના ક્રેડિટ કો. ઓપરેટીવ માંથી ધીરાણ મેળવી હપ્તા નહીં ભરતા બાકીદાર (૧) રસીકભાઈ રણછોડભાઈ આખજા રે. લોકી તા. લીલીયાવાળાનો ચેક રૂા. ૨,૪૯,૬૪૭/- નો ધીરાણ ની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રિષ્ના ક્રેડિટ કો. ઓપરેટીવ સોસાયટીના માનદ મેનેજર શ્રી જીતેન્દ્ર ડી. પાઠક એ આ બાકીદાર મંડળીના લીગલ એડવાઈઝર શ્રી કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરીયાદ કેસ નં ૫૩૬/૨૦૨૩નો દાખલ કરેલ છે અને કેસ ચાલી જતા અને શ્રી પાઠકની ધારદાર દલીલો ગ્રાહય રાખી નામદાર અદાલત દ્વારા રસીકભાઈ રણછોડભાઈ આખજા રે. લોકીતા. લીલીયાને બે વર્ષની સજા કરવામા આવેલ અને ચેકની રકમ .રૂા. ૨,૪૯,૭૪૭/- તથા પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. સજા ભોગગવા લીલીયાના પ્રિનસીપાલ સિવલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબે હુકમ કરેલ છે . આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમા ફફડાટ વ્યાપી ગયેલ છે. આરોપી નામદાર અદાલતમા ગેરહાજર રહેલ હોય જેથી આરોપી સામે સજા વોરન્ટ ઈસ્યુ કરી એસપી.. શ્રી અમરેલીને ધરપકડ કરી કરવા આદેશ કરવામા આવેલ છે

### અમરેલી જિલ્લાનું આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૦.૮
ન્યુનતમ તાપમાન ૨૪.૮
ભેજનું પ્રમાણ ૬૦
પવનની ગતિ સરેરાશ-.૮.૨બ

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજિટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૫
તા.૨૯-૦૩-૨૦૨૪ શુક્રવાર

આસ્થા સ્કીન ક્લીનીક
ડો. જયશ્રીબેન પટેલ Mo. 99093 18606
ઉપલબ્ધ સારવાર
ખીલ, ખીલના કાળા ડાઘ, ધાધર-ખસ-ખરજવુ, વાળ ખરવા-કસમયે વાળ સફેદ થવા માથામાં ઉંદરી-ખોડો, માથામાં ટાલ પડવી, હર્પીસ-સોરાઇસીસ-ચામડી પરના મસા, મોઢાના ચાંદા, ચહેરાની દાઝ, શીળસ, એલર્જી, ગુમડા, કરોળીયા, સફેદડાઘ, નખ પાકવા જેવા ચામડી, નખ, વાળના રોગોની સારવાર.
સંજીવની કોમ્પલેક્ષ, પહેલો માળ, IDBI બેન્ક પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
સમય : સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦, સાંજે ૫-૩૦ થી ૭-૩૦

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૬) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩/૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

## સર્વે પિતૃઓના મોક્ષાર્થે સાંદિપની આશ્રમના ઋષિકુમારના વ્યાસાસને

# જાફરાબાદના લોઠપુરમાં ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાશે

### લોઠપુરના ખુમાણ પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞનો તા.૯થી પ્રારંભ અને ૧૫મીએ કથાની પુર્ણાહુતિ

### શ્રીમદ ભાગવત કથામાં સંતો મહંતો અને વિવિધ ક્ષેત્રના આગેવાનોની ઉપસ્થિતિ

### ભવ્ય સંતવાણી લોકડાયરામાં શ્રી મેરાણ ગઢવી, શ્રી આશા કારેલીયા, શ્રી ભરત બોરિયા સહિત કલાકારો જમાવટ કરાશે



રાજુલા, (જયદેવ વરૂ) જાફરાબાદ તાલુકાના લોટપુર ગામે પિતૃઓના મોક્ષાર્થે રામકુભાઈ તથા જીલુભાઈ તથા ધીરુભાઈ ખુમાણ દ્વારા તારીખ ૯, ૪ તારીખ ૧૫ ૪ સુધી કથા આયોજન કરેલ છે કથાનો રસપાન કરાવશે જાણીતા કથાકાર પૂજ્ય શાસ્ત્રી શ્રી યજ્ઞેશભાઈ ઓઝા સાંદિપની આશ્રમ ષિકુમાર ની વાણીથી કથાનું રસપાન કરાવશે આ કથા નું દીપ પ્રાગટ્ય મહંત શ્રી શાંતિ બાપુ સુરજદેવળ હસ્તે રાખવામાં આવેલ તેમજ ચોપડે નામ પાડવા જેવી વિધિ પર કરવામાં આવશે આ પ્રસંગે સૌરાષ્ટ્ર દેહાળ જગ્યાના સંતો શ્રી મહંત શ્રી શાંતિ બાપુ સુરજ દેવળ પરમ પૂજ્ય મહંત શ્રી વલકુ બાપુ દાનેવ ધામ સલાળા પરમ પૂજ્ય નિર્મળાબા વિસામણબાપુ ની જગ્યા પાળીયાદ પરમ પૂજ્ય મહંત શ્રી ૧૦૦૮ નીર મોહી અખાડા રાજેન્દ્ર દાસ બાપુ વૃંદાવન રામપરા શ્રી કનુબાપુ મોમાઈ માતાજીનું મંદિર સાવરકુંડલા અનકેશ્વર મહાદેવ લોટપુર મહંત શ્રી બાબુભાઈ બાપુ રૂખડ બાપુ ની વાવડી તુલસીશ્યામ ટ્રસ્ટીઓ શાસ્ત્રી શ્રી હરિ આનંદ સ્વામી જુના સ્વામિનારાયણ મંદિર રાજુલા મહંત શ્રી સોતરા માનશ્રીનાથજી બાપુ સકો હર ડુંગર શ્રી મીણબાઈ માં પાદરાના નેસ સોનલ માં ખોડલધામ વરસડા માં ખોડલ નેર વિનુ દાદા ખડકાળા સહિત સંતો ઉપસ્થિત રહેશે તારીખ ૧૦ ૪ રાત્રિના નવ કલાકે ડાયરો સારણી સાહિત્યનો ખજાનો મેરામણભાઈ ગઢવી પહાડી આવાજ ગાયક ભરત બોરીસા લોક ગાયક સૌરાષ્ટ્રનું લોકગાયક નું ઘરેલુ આશાબેન કારેલીયા જમાવટ કરશે તેમજ તારીખ ૧૨ ૪ ના રાત્રિના સંતવાણી માટે સાગર બાપુ મેસવાડિયા તથા નાથુદાન ગઢવી તથા ભરવાડ તથા ભરતભાઈ બોરીસા ડાયરાની જમાવટ કરશે કથાની તડા માર તૈયારીઓ શ્રી ધીરુભાઈ ખુમાણ જીલુભાઇ ખુમાણ તથા રામકુભાઈ દ્વારા કરવામાં આવી આ કથામાં ઉપસ્થિત રહેવા ધીરુભાઈ ખુમાણ દ્વારા જાહેર આમંત્રણ છે.

# રાજકોટમાં ફરી એકવાર યુવાનનું સંયમ પંથે પ્રયાણ

### આચાર્ય ભગવંત શ્રી યશોવિજયસુરીશ્વરજી મહારાજની ઉપસ્થિતિમાં પ્રવજયાં મહોત્સવ



રાજકોટ, (પ્રશાંત ચંચલ)

રાજકોટની રંગીલી જનતાને ધર્મરંગે રંગનારા અને રાજકોટમાં અનેક ચાર્તુમાસ કરનારા પુજય આચાર્ય ભગવંત શ્રી યશોવિજય સુરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં ફરી એકવાર પ્રવજયા મહોત્સવ યોજાનાર છે.

જેમાં રાજકોટના બે યુવાનો સંયમ ગ્રહી ચુકયા છે. આજ શ્રુંખલામાં આગળ વધુ એક યુવાનનો સમાવેશ થઇ રહ્યો છે.

માતુશ્રી વૈશાલીબેન અને પિતાશ્રી મનિષભાઈ સુપુત્ર મુમુક્ષ શ્રી જીમીતકુમાર ૨૧ વર્ષની ભર યુવા વયે સમસ્ત ભૌતિક સુખ સાધનોનો ત્યાગ કરી પ્રવજયા પંથે પ્રયાણ કરી રહ્યા છે. ભગવાન મહાવીરના જન્મ કલ્યાણકના મંગલ દિને તા. ૨૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ રાજકોટમાં શ્રી પ્લોટ, શ્વેતાંબર જૈન સંઘના અન્વયે આ મંગલ પ્રસંગે ઉજવાશે તે નિમિતે પુજય આચાર્ય ભગવંતશ્રી યશોવિજય સુરીશ્વરજી મહારાજની રાજકોટમાં પધરામણી થઈ ચુકી છે. મુમુક્ષ જીમિતકુમારના રાજકોટમાં વિવિધ સંઘોના વર્ષીદાનની શોભાયાત્રા યોજાનાર છે.

પ્રવજીયા નિમિતે ઉત્સવ દરમિયાન ૧૯ એપ્રિલે ધવલ વસ્ત્રો ઉપર કેસર છાંટતાનો કાર્યક્રમ થશે ૨૦મી એપ્રિલે મુમુક્ષની શોભાયાત્રા અને ૨૧ એપ્રિલે વ્હેલી પરોઢે પાંચ વાગે પ્રવજયા વિધીનું પ્રારંભ થશે. આ સર્વ પ્રસંગો માટે તૈયારીઓ થઈ રહી છે.

## દરિયા કિનારો હોવા છતાં ભારે ગરમીને કારણે

# રાજુલા જાફરાબાદમાં કર્ફયુ જેવું વાતાવરણ સર્જાયુ

### બાપા સીતારામ ગ્રુપ દ્વારા લોકો માટે ઠંડાપીણાની બોટલો મુકાઇ : દેશી માટલાઓની ધુમ ઘરાકી





રાજુલા, રાજુલા જાફરાબાદ દરિયા કિનારે હોવા છતાં બપોરના કરફ્યુ જેવું વાતાવરણ બાપા સીતારામ ગ્રુપ દ્વારા ઠંડાપીણા બોટલ મૂકવામાં આવી જ્યારે દેશી માટલાઓની ઘરાકી રાજુલા જાફરાબાદ દરિયા કિનારે માત્ર ૧૦ કિલોમીટર સુધી જ ઠંડી હવા રહેશે બાકીના રાજુલા ડુંગરા ઉપર આવેલું હોવાથી ભયંકર તાપમાન હોય છે જ્યારે દરિયા કિનારે ભાઠોડામાં જ ઠંડો પવન રોકી દેવામાં આવે છે આ ઉપરાંત આવેલી દરિયાકિનારે અલ્ટ્રાટેક પાવર પ્લાન પીપાવાવ પોર્ટ નવી બનતી પથ્થરની જૈહીટ જે તમામ પવનને પ્રવેશી આપતો આવી શકતો નથી જેથી ગરમ વાતાવરણ જ બપોરે હોય છે છેલ્લા પાંચ દિવસથી તો વેપારીઓ દુકાનો પણ બંધ કરી દેશે તેવી સ્થિતિ જાફરાબાદી પડશે જેથી રાજુલા જાફરાબાદમાં દરિયાઈ ઠંડા પવન નો કોઈ લાભ મળતો નથી આવા ધોમ તકતા તડકામાં રાજુલા બાપા સીતારામ મંડળ દ્વારા ઠંડા પાણીનું પરબ આવ્યું છે જ્યારે ફ્રીઝ લેવાનો વેત ન હોય અને લોકોને તંદુરસ્ત રહેવું હોય તે માટે દેશી માટલાઓની ખરીદી વધી ગઈ છે જે તસવીર માં જણાય છે.

# લાલાવદર પ્રા. શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો

### વાર્ષિકોત્સવ નિમિતે ધો. ૮ના વિદ્યાર્થીઓને વિદાયમાન અપાયું



અમરેલી, લાલાવદર પ્રાથમિક શાળામાં 'સંકલ્પ' વાર્ષિકોત્સવ, ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને આચાર્યશ્રી દ્વારા શાળાના વિશિષ્ટ પ્રતિભાશાળી શિક્ષકો નું અદકેરું સન્માન આ ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. દાતાશ્રી મુકેશભાઈ ધામેલીયા તરફથી ભરપેટ ભોજન જમાડ્યુ અને દરેક બાળકોને સ્પોર્ટસ બુટ અને મોજા આપવામાં આવ્યાં પધારેલ મહેમાનો દ્વારા વિદાય લેતાં તમામ બાળમિત્રોને આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ આ તકે દાતાશ્રી મુકેશભાઈ ધામેલીયા, દિનેશભાઈ ધાનાણી, ચેતનભાઈ ધાનાણી, બાલુભાઇ માતરીયા, દિનેશભાઈ માતરીયા, શાળા એસ.એમ.સી. કમિટીના સભ્યો, નામી અનામી પ્રતિષ્ઠિત આગેવાનો, ગ્રામજનો અને વાલીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના શિક્ષક સુરેશભાઈ રાઠોડ, અજયભાઈ સોજીત્રા, કામિનીબહેન મહેતા, કંચનબેન બાવીશી, ગીતાબેન ગજેરા, કૃણાલભાઈ ભટ્ટ કાર્યક્રમ રૂપરેખા તૈયાર કરાવી હતી. આ તકે આચાર્યશ્રી રાજેશભાઈ પણસાળા સૌનો હૃદયસ્થ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# હેપી બર્થડે : અમરેલી જિલ્લા હોમગાર્ડ પીઆર અમિતગીરી ગૌસ્વામીનો આજે જન્મદિન

### શ્રી ગૌસ્વામી ઉપર શુભકામનાઓનો ધોધ વહેશે



અમરેલી, જીલ્લા હોમગાર્ડ પબ્લિક રીલેશન ઓફિસર (પી.આર.ઓ.) સ્ટાફ ઓફિસર જનસંપર્ક અને પત્રકારત્વ વિભાગ મા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે થી માસ્ટર ડીગ્રી મેળવી સાવરકુંડલા તાલુકાના દિવ્ય ભાસ્કર ના રિપોર્ટર તરીકે સેવા આપી રહ્યા છે ફ્રી લાન્સ જર્નાલિસ્ટ તેમજ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ માં પ્રચાર અને પ્રસાર વિભાગની જીલ્લાનું દાહિત્યનિભાવનાર, અમરેલી જીલ્લા ભારતીય જનતા પાર્ટી મીડિયા સેલનાં પૂર્વ કન્વીનર, સાવરકુંડલા તાલુકા માં નાની ઉંમરમાં મોટું નામ ધરાવતા સેવાભાવી અને હંમેશા સાધુ સંતો ની સેવા માં રહેતા સેવાભાવી યુવાન, સાવરકુંડલા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળ ના ઉપપ્રમુખ, તેમજ દામનગર, લાઠી, વગેરે હોમગાર્ડ યુનિટોમાં ઇન્ચાર્જ ઓફિસર કમાન્ડીંગ હોમગાર્ડ કમાન્ડર, ભાવનગર અષાડી બીજ રથયાત્રા અને સુરત ગણેશ વિસર્જન બંદોબસ્ત માં અમરેલી જીલ્લાના ઈન્ચાર્જ રહી ચૂકેલા સાથે સાથે ફરજ બજાવી રાષ્ટ્રભાવના અદા કરી રહ્યા છે અમીતગીરી ગોસ્વામીનો આજે જન્મ દિવસ હોવાથી આજનાં દિવસે સમગ્ર ગુજરાત માંથી સામાજીક, રાજકીય મહાનુભાવો, જ્ઞાતિ અગ્રણી, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના રિપોર્ટરો તેમનો મોબાઈલ નંબર ૯૪૦૯૫ ૯૫ ૬૯૫ પર જન્મ દિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# રાજુલામાં બે આંખલા આખડતા કેબીન તુટ્યું

### કોઈને આખલાઓ મોતને ઘાટ ઉતારે તે પહેલા પાલિકા પગલા ભરશે ?



રાજુલા, રાજુલા શહેરમાં ઘણા સમયથી જ્યાં જુઓ ત્યાં સોસાયટીઓમાં આંકલાવો જોવા મળતા હોય છે બીજી તરફ આ ખૂટ્યાઓના ઓના કારણે હવે લોકો જેમ સિંહ થી દુર ભાગે છે તેમ આકલો ઊભા હોય એટલે વૃદ્ધ માણસો યુવાન માણસો કે વાહન ચાલકો તુરતજ જ રસ્તો બદલે છે દૂર ચાલ્યા જાય છે ત્યારે હવે રાજુલામાં માલધારીઓનું છે કે ૨૫૦ ઉપરાંત આકલાવો રાજુલા શહેરમાં છે અગાઉ રાજુલા નગરપાલિકા દ્વારા આંકલાનો કોન્ટ્રાક્ટ આપી ઓડાવાળી ખોડીયાર મોરંગી મૂકી આવ્યા હતા પરંતુ આ વર્ષે તો ઘોડાવાળી ખોડીયાર માતાજી એ પણ ૪૦૦૦ ઉભરાત ગાયો હોવાથી ત્યાં મુકવા જવાય એ પણ હિતાવક નથી કારણ કે આ ગૌશાળામાં ગાયોને ઘાસચારો જે પણ વ્યવસ્થા કે ગ્રાન્ટ સરકાર આપતી નથી માત્ર દાતાઓ અને સેવાભાવી માણસો દ્વારા ચાલે છે અને મહંતશ્રીના ચમત્કાર એ ચાલતી હોય તેમ ચાર હજાર ગાયો નો આશ્રમ બન્યો છે ત્યારે આવા આકલાને ત્યાં વ્યવસ્થા થઈ શકે નહીં સરકાર દ્વારા ખાસ કિસ્સા તરીકે રાજુલા નગરપાલિકા દ્વારા આખલાઓ ઓ માટે એક બનાવવામાં આવે અથવા તો ગ**** ગીરમાં મૂકવામાં આવે તો લોકો શાંતિથી રોડ ઉપર કે સોસાયટીઓમાં ભાઈ ભીત વિના હલનચલન કરી શકે ત્યારે આજની ઘટના અંગે વાત કરીએ તો રાજુલાના આજે ચાર વાગ્યે હોટલ વાઈટ પાસે બે આકલાવો નું યુદ્ધ અડધી કલાક ચાલ્યું કેબિન તોડ્યું ત્યારબાદ આંકલાવો શાંત થયા આમ ચાલતા રાહદારીઓ પણ આકલાને જોઈ થંભી ગયા હતા ત્યારે આકલાને તાત્કાલિક વ્યવસ્થા થાય તેવી શહેરીજનો ની લાગણી અને માંગણી છે

## ડોલી વોટરપાર્ક ખાતે ભાજપ પરિવાર દ્વારા

# બાબરામાં ભાજપના શ્રી સુતરિયાનું અભિવાદન કરાયું

### હકુભા જાડેજા, જે.વી. કાકડીયા, જનકભાઇ તળાવીયા, ભુપેન્દ્રભાઇ બસીયા સહિતની ઉપસ્થિતિ





બાબરા, (દિપક કનૈયા) રાજ્યના નાયબ મુખ્ય દંડક કોશિકભાઈ વેકરિયા ના અધ્યક્ષ સ્થાને આયોજિત કાર્યક્રમ માં રાજ્યના પૂર્વમંત્રી હકુભા જાડેજા, ધારાસભ્ય જનકભાઈ તલાવીયા, જે વી કાકડીયા, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા સહિત તાલુકાના અને જિલ્લાના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અહીં ડોલી વોટરપાર્ક ખાતે આયોજિત લોકસભા ઉમેદવાર ભરતભાઈ સુતરિયા આવકાર કાર્યક્રમમાં લાઠી વિધાનસભા ના પૂર્વ ઉમેદવાર અને આમ આદમી પાર્ટીના અગ્રણી જયસુખ ડોલી સહિત ના ૫૦ જેટલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ પક્ષ છોડી ભાજપ માં જોડાયા હતા તેમજ નગરપાલિકા ના વોર્ડ નંબર પાંચ ના કોંગ્રેસના સભ્ય જગુભાઈ ખાદા, અને આસિફભાઈ વાળા કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા રાજ્યના નાયબ મુખ્ય દંડક કોશિકભાઈ વેકરિયા અને પૂર્વમંત્રી હજુભા જાડેજા સહિતના અગ્રણીઓ હસ્તે ખેસ ધારણ કરી કેસરિયા કર્યા હતા.. બાબરા લાઠી વિધાનસભા વિસ્તાર કોંગ્રેસના અને આમ આદમી પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા જતા સ્થાનિક કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં સોપો પડી ગયો હતો.. આ તકે તાલુકા અને શહેર ભાજપ ના હોદ્દેદારો કાર્યકર્તાઓ આગેવાનો સહકારી આગેવાનો જીલ્લા પંચાયત ના સભ્ય નગરપાલિકા ના સભ્ય તાલુકા પંચાયત ના સભ્ય સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જ્વેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

### દર વર્ષે ગુજરાતમાં નલીયા બાદ બીજાક્રમે અમરેલી રહેતું પણ આ વખતે અમરેલી ટોપમોસ્ટ

# અમરેલી જિલ્લામાં હિટવેવની શકયતા : ૪૧ ડિગ્રી

## અમરેલી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ સાપ્રંત સ્થિતિ અંગે લોકોને અવગત કર્યા

## આગામી દિવસોમાં સામાન્ય કરતા તાપમાન વધુ રહેવાની શકયાતાઓ અંગે જિલ્લાનું આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું : ગરમીના પ્રતિકાર સાથે લોકોને ઉપયોગી ટીપ્સ આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જોષી

અમરેલી,

દર વર્ષે ઉનાળામાં સમગ્ર રાજયમાં નલીયા પછી બીજો ક્રમ રહેતો પણ આ વખતે સમગ્ર રાજયમાં અમરેલીએ ૪૧ ડિગ્રી સાથે જોર પકડયુ છે. ગરમીમાં થઈ રહેલા સતત વધારાને કારણે અમરેલી જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ પણ જણાવ્યું છે કે જિલ્લામાં આગામી દિવસોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહેવા શકયતા છે. આ સંજોગોમાં લુ લાગવાની પણ શકયતાઓ છે. વધુ પડતી ગરમીને કારણે લુ લાગવાના કેસો ખાસ કરીને નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો, અશકતબિમાર દર્દીઓ, શ્રમિકોઅનેખેત મજુરોમાં બનવા પામે છે. તેથી તકેદારી રાખવા અને જરૂરી પગલા લેવા પણ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર.એમ. જોષીએ જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમરેલી શહેરમાં ઉનાળાના પ્રારંભે જ ગરમીનો પારો સડસડાટ ચડી જતાં ૪૦ ડિગ્રીને પાર કરી જતાં દિવસભર અંગ દઝાડતી ગરમી પડી રહી છે. ગરમીના કારણે બપોરના સમયે રસ્તાઓ આપો આપ સુમસામ જોવા મળી રહ્યા છે. જેના કારણે બજારો બપોરના ૨ થી સાંજના ૫ સુધી સુમસામ ભાસી રહી છે. વધુ ગરમીના કારણે રાત્રીના ૧૧ થી ૧૨ વાગ્યા સુધી વાતાવરણ ઠંડુ જોવા મળતુ નથી અને પવન પણ લુ સાથે ગરમ ફુંકાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં પાંચ દિવસ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન રહેવાની સંભાવના છે. અને પાંચ દિવસ બાદ હિટવેવની શકયતા ઓછાપ્રમાણમાં છે તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. ઉતર ગુજરાતના કેટલાક જિઉામાં વોર્મ નાઈટસ રહેવાની સંભાવના છે. એટલે રાત્રી દરમિયાન

### લુ લાગવાના લક્ષણો

શરીર અને માથાનો દુઃખાવો થવો, શરીરનું તાપમાન વધી જવું, ખુબજ તરસ લાગવી, ગરમ, લાલાશ અને શુષ્ક ત્વચા, ઉલ્ટી, ઉબકા થવા, આંખે અંધારા આવવા, ચક્કર આવવા, શ્વાસોશ્વાસ અને હૃદયના ધબકારા વધી જવા, અતિ ગંભીર ખેંચ આવવી, બેભાન થઈ જવું

## અમરેલીની બજારમાં પણ કર્ફયુ જેવો માહોલ સમગ્ર જિલ્લો ગરમીને કારણે ધગધગી ગયો

લઘુતમ તાપમાનમાં એકાએક વધારો થવાથી ગરમી વધુ પ્રમાણ અહેસાસ થશે. અમરેલી શહેરમાં આજના તાપમાનમાં મહતમ તાપમાન ૪૦.૮, લઘુતમ ૨૪.૮, ભેજ ૬૦ટકા અને પવનની ગતિ ૮.૨ કિમી પ્રતિ કલાકની રહી હતી.

### લુ લાગવાથી બચવાના ઉપાયો

ગરમીમાં શક્ય હોય ત્યાં સુધી બહાર નીકળવાનું ટાળવું, આખું શરીર અને માથું ઢંકાય તે રીતે સફેદ સુતરાઉ કપડા પહેરવા, ટોપી, ચશ્માં છત્રીનો ઉપયોગ કરવો, ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુંછવું, સીધા સૂર્ય પ્રકાશથી બચવું અને દિવસ દરમ્યાન ઝાડ નીચે, ઠંડક અને છાયામાં રહેવું, દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પાણી, લીંબુ શરબત, નાળીયેરનું પાણી, ઓ,આર.એસ. વગેરે પીવા, નાના બાળકો, સગર્ભા માતા, વૃધ્ધો અને અશકત-બીમાર વ્યક્તિઓ એ તડકામાં વિશેષ કાળજી રાખવી, ગરમીમાં બજારમાં મળતો ખુલ્લો, વાસી ખોરાક ખાવો નહિ, સામાજિક પ્રસંગે દૂધ બનાવેલ ખાદ્યપદાર્થો ખુલ્લા કે વધુ સમય પડતર રહેલ હોય તે ખાવા નહિ, ગરમીની જતુમાં બને ત્યાં સુધી ભૂખ્યા ન રહેવું, ચા - કોફી, તમાકુ - સિગરેટ, દારૂના સેવનથી લુ લાગવાની શક્યતા વધે છે તેથી તેનું સેવન ટાળવું, માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર આવવા, ઉબકા કે તાવ આવે તરત જ નજીકના આયુષમાન આરોગ્ય મંદિર/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ દવાખાનાનો સંપર્ક કરવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને એપેડેમીક મેડીકલ ઓફિસરશ્રી દ્વારા અમરેલી જિલ્લાની જનતાને અપીલ કરવામાં આવે છે

### માતુશ્રી વિમળાબેન ખેતાણી પરિવાર મુંબઇ દ્વારા

# સાવરકુંડલામાં અનાજ-કરીયાણાની ૧૭૦૦ કિટનું વિતરણ

### સ્વ. ચંપકલાલ ખેતાણીની પુણ્યતિથી નિમિતે જરૂરીયાતમંદ લોકોને અનાજકીટનું વિતરણ કર્યુ



સાવરકુંડલા, સાવરકુંડલા શહેરમાં માતુશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરીવાર મુંબઈ (સાવરકુંડલા વાળા) દ્વારા સ્વ. ચંપકલાલ છગનભાઈ ખેતાણીની પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલાના જરૂરિયાતમંદ પરિવારોને ખાદ્ય સામગ્રી કીટનું વિતરણ કરવામાં આવ્યું. સાવરકુંડલા ખાતે આજરોજ મહાકાળી ચોક ખાતે આવેલ શોપીંગ કોમ્પલેક્ષમાં સ્વ. ચંપકલાલ છગનભાઈ ખેતાણીની પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલા શહેરના ગણમાન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખેતાણી પરિવાર દ્વારા ચાલતાં ચાર છાશ કેન્દ્રના ૧૭૦૦ જેટલાં લાભાર્થીઓને ખાદ્ય ચીજવસ્તુઓની કીટ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી હતી. આ પ્રસંગે લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના સુપ્રિટેન્ડન્ટ ડોપ્રકાશભાઈ કટારિયા, ડો.અંકુર પટેલ, ડો. હેમલચોટલીયા, વિદુલાબેનસૂચક, મહેન્દ્રભાઈ કુકડિયા, સાવરકુંડલાના પત્રકાર પ્રદીપભાઈ દોશી, બિપીનભાઈ પાંધી, યોગેશ ઉનડકટ તથા દીપકભાઈ પાંધી ઉપસ્થિત રહ્યા હતા છેલ્લા ઘણા વર્ષોથી માતુશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરીવારની સેવાકીય પ્રવૃત્તિઓનું આ શહેરમાં નોંધનીય પ્રદાન છે..આ ખેતાણી પરીવાર દ્વારા સાવરકુંડલાના ૧૭૦૦ જેટલા પરિવારોને વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવે છે. અહીં સાવરકુંડલા ખાતે ખેતાણી પરીવારની સૂચના મુજબ આ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે. ખેતાણી પરીવાર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ ઉત્સવો પર વર્ષમાં ચાર વખત આ પરીવાર દ્વારા ચાલતાં છાશ કેન્દ્રના લાભાર્થીઓને આવી કીટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

### લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪

# અમરેલી નર્સિંગ કોલેજ ખાતે યુથ વોટર્સ ફેસ્ટિવલ યોજાયો

## જિલ્લા ચૂંટણી નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાએ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા અને મતદાન જાગૃત્તિ વિષયક માર્ગદર્શન આપ્યુ



અમરેલી,
સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત અમરેલી જિલ્લામાં યુવાન મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃત્તિ આવે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમરેલી સ્થિત નર્સિંગ કોલેજ ખાતે 'યુથ વોટર ફેસ્ટિવલ (યુવા મતદાતા ઉત્સવ)' યોજાયો. અમરેલી જિલ્લા ચૂંટણી ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાએ વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપ્યુ અને મતદાનનું મહત્વ સમજાવ્યુ હતુ. મતદાન જાગૃત્તિ અંગે સિગ્નેચર કેમ્પેઈન યોજાયું હતુ. પ્રથમ વખત મતદાન કરવાના છે તેવા નવા યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હતા. જિલ્લાના નાગરિકો અને યુવા મતદારોમાં પ્રક્રિયા અને મતદાનના મહત્વને લઈને જાગૃત્તિ વધે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. કાર્યક્રમમાં ચૂંટણી પંચની વીડિયો ક્લિપ હું ભારત છું ના માધ્યમથી લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વ, મતદાન અને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમ સ્થળે સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં હતા જ્યાં યુવા મતદારોએ સેલ્ફી લીધી હતી. વિદ્યાર્થીઓએ મતદાન અંગેના પોતાના પ્રતિભાવો પણ વ્યક્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડીયા તાલુકા મામલતદાર શ્રી, કોલેજ કેમ્પસ ડાયરેક્ટરશ્રી અને પ્રિન્સિપાલશ્રી, વિદ્યાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪

# અમરેલી જિલ્લા કક્ષા તથા વિધાનસભા મતવિભાગ કક્ષાના વિન્ડો સિસ્ટમના નોડલ અધિકારીશ્રીઓની નિમણુક કરાઇ

## જિલ્લા કક્ષાએ કલેકટરના ચિટનીશશ્રી વ્યાસની નિમણુંક

અમરેલી,
આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં જાહેર સભા, રેલી, સરઘસ, વાહન, હેલીપેડ અને લાઉડસ્પીકરના ઉપયોગ જેવી વિવિધ જરુરી પરવાનગીઓ એક જ સ્થળેથી અને સમયસર મળી રહે તેમજ વિવિધ કચેરીઓનો સંપર્ક ન કરવો પડે તેવા આશયથી સિંગલ સિસ્ટમ શરુ કરવામાં આવી છે, જે અંગેની સૂચનાઓ રીટર્નીંગ ઓફીસર માટેની હેન્ડબુક-૨૦૨૩ એડીશન-૨નાં મુદ્દા નં.૧૮૭માં આપવામાં આવી છે. જિલ્લા કક્ષાએ તેમજ વિધાનસભા મતવિભાગમાં સિંગલ વિન્ડો નોડલ અધિકારીશ્રીઓની નિમણુક કરવામાં આવી છે. આ વ્યવસ્થા અંતર્ગત ૧૪-અમરેલી લોકસભા મતવિભાગ જિલ્લા કક્ષાએ ચીટનીશ ટુ કલેક્ટરશ્રી, અમરેલી, શ્રી એ.પી. વ્યાસ, મો. ૬૩૫૩૮૪૫૦૭૮, હોમ કલેક્ટર કચેરી, અમરેલી, ઈ-મેઈલ એડ્રેસ, dmbranch-amreli gujarat.gov.in ની નિમણુક કરવામાં આવી છે. વિધાનસભા મતવિભાગમાં, ૯૪-ધારી મતવિભાગ (ધારી, ખાંભા, બગસરા) માટે ધારી તાલુકા મામલતદારશ્રી એ.પી. વ્યાસ, મો.નં. ૭૫૬૭૦ ૦૦૭૨૮, ધારી તાલુકા મામલતદાર કચેરીનું ઈ-મેઈલ એડ્રેસ, mam-dharigujarat.gov.in છે. ૯૫-અમરેલી વિધાનસભા મતવિભાગ (અમરેલી, વડીયા-કુંકાવાવ) માટે અમરેલી શહેર મામલતદારશ્રી શ્રી.જી.જી. બાવીશા, મો.નં. ૯૪૨૮૪ ૦૮૧૫૮, અમરેલી (શહેર) કચેરીનું ઈ-મેઈલ એડ્રેસ, mam-amrgujarat.gov.in છે. ૯૬-લાઠી વિધાનસભા મતવિભાગ માટે લાઠી તાલુકા મામલતદાર શ્રી એમ.સી. રાજયગુરુ, લાઠી તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૦૮૩૨, ઈ-મેઈલ એડ્રેસ, mam-lathigujarat.gov.in છે. ૯૭-સાવરકુંડલા (સાવરકુંડલા, લીલીયા, જેસર) વિધાનસભા મતવિભાગ માટે સાવરકુંડલા તાલુકા મામલતદાર શ્રી એસ.એચ. બારીયા, સાવરકુંડલા તાલુકા મામલતદાર કચેરી મો.નં. ૭૫૬૭૦ ૦૦૭૮૪, ઈ-મેઈલ એડ્રેસ, mam-savarkundla gujarat.gov.in, ૯૮- રાજુલા મતવિભાગ જાફરાબાદ, ખાંભા) માટે રાજુલા તાલુકા મામલતદાર શ્રી એ.કે. શ્રીમાળી, રાજુલા તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૦૯૩૦, ઈ-મેઈલ એડ્રેસ, mam-rajulagujarat.gov.in છે. ૯૯-મહુવા મતવિભાગ માટે મહુવા તાલુકા મામલતદારશ્રી, મહુવા તાલુકા મામલતદાર કચેરી, મો.નં. ૭૫૬૭૦૦૧૬૪૬, ઈ-મેઈલ એડ્રેસ, mam-mahuva gujarat.gov.in છે. ૧૦૧-ગારિયાધાર મતવિભાગ માટે ગારીયાધાર તાલુકા મામલતદારશ્રી, શ્રી આર.એન. કુંભાણી, ગારીયાધાર તાલુકા કચેરી, ૭૫૬૭૦ ૦૧૯૧૦, ઈ-મેઈલ એડ્રેસ, mam-gariyadhar gujarat.gov.in છે. તે તમામની નિમણુક સિંગલ વિન્ડો સિસ્ટમ અંતર્ગત કરવાની થતી કામગીરી માટે કરવામાં આવી છે, તેમ સિંગલ વિન્ડો નોડલ અધિકારીશ્રી અને અમરેલી જિલ્લા ચીટનીશ ટુ કલેક્ટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ચૂંટણી દરમિયાન લાંચ આપનાર કે લેનાર સામે કાયદેસરની કાર્યવાહી


અમરેલી,

કોઈ પણ વ્યકિતને તેના મતાધિકારનો ઉપયોગ કરવા પ્રલોભન આપવાના ઉદ્દેશથી, ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રોકડ કે વસ્તુ સ્વરૂપે કોઈ પણ લેતી કે આપતી કોઈ પણ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૭૧-ખ મુજબ એક વર્ષ સુધીની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર છે. વધુમાં કોઈપણ ઉમેદવાર કે મતદાર કે અન્ય કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડવાની ધમકી આપતી કોઈ પણ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૭૧-ગ મુજબ એક વર્ષ સુધીની કેદ દંડ અથવા બંને શિક્ષાને પાત્ર છે. લાંચ આપનાર કે લેનાર બંને સામે કેસ નોંધવા તેમજ મતદારોને ધાકધમકી આપવામાં સામેલ વ્યકિતઓ સામે કાર્યવાહી કરવા માટે શીઘ્ર કાર્યટુકડી (ફલાઈંગ સ્કવોડ)ની રચના કરવામાં આવી છે. આથી તમામ નાગરિકોને કોઈ પણ પ્રકારની લાંચ નહિ લેવા અને કોઈપણ વ્યક્તિ લાંચ લેવાનું કહે અથવા વિશે કોઈપણ જાણકારી મળે અથવા મતદારોને ધાક ધમકી અપાયાના કિસ્સાની જાણ થાય તો, તે અંગે ફરિયાદ મેળવવા માટે ઉભા કરવામાં આવેલા જિલ્લાના ૨૪*૭ ફરિયાદ દેખરેખ નિયંત્રણ એકમના ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૨૮૯૨ પર જાણ કરવા વિનંતી કરવામાં આવે છે, તેમ અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યુ.

### મહુવા માર્કેટયાર્ડની બજેટ બેઠક મળતા

# મહુવા યાર્ડનું રૂા. ૫૧૧. ૫૦ કરોડનું વિકાસ કાર્યો સાથેનું બજેટ મંજુર

## રૂા.૭.૦૭ કરોડની પુરાંતવાળુ બજેટ પસાર કરાયું : ચેરમેનશ્રી ઘનશ્યામભાઇ પટેલના અધ્યક્ષપદે બજેટ બેઠક મળી



મહુવા,તા.૯/૩/૨૪ શનિવારના રોજ મહુવા બજાર સમિતિની બજેટ બેઠક મળી હતી જેમાં ચેરમેન શ્રી ઘનશ્યામભાઈ પટેલે રૂ૫૧૧.૫૦ કરોડનાં વિકાસકાર્યો સાથેનું રૂ.૭.૦૭ કરોડની પુરાંતવાળુ બજેટ રજુ કર્યુ જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યુ.મહુવા માર્કેટીંગ યાર્ડની ગત તા.૯/૩/૨૪ નાં રોજ બજેટ બેઠક મળેલ હતી. જેમાં મહુવા માર્કેટીંગ યાર્ડનું ચેરમેનશ્રીઘનશ્યામભાઈ પટેલે અઢારમી વખત સતત વિકાસલક્ષી બજેટ રજુ કરેલ હતુ. ચેરમેનશ્રીએ આગામી વર્ષ માટે આ બજેટમાં તાલુકાનાં ખેડુતો માટે વિવિધ યોજનાઓ રજુ કરેલ જેમાં ડ્રીપ ઈરીગેશન, તાલપત્રી, ખેડુત અકસ્માત વીમો, ખેડુતલક્ષીમુકવામાં આવનાર અન્ય સહાયો વિગેરે મળી કુલ રૂ઼.૧.૫૯/-કરોડની ફાળવણી કરવામાં આવેલ. તેમજ નવા વિકાસકામોમાં તાજેતરમાં બજાર સમિતિ દ્રારા રૂ઼.૧૫/ - કરોડનાં ખર્ચે ૧૭ વીઘા જમીન ખરીદ કરવામાં આવેલ છે. જેનો દસ્તાવેજ થઈ કબજો મળી જતા તેમાં કમ્પાઉન્ડ વોલ સાથે ઓક્ષનશેડો રૂ઼. ૮.૭૦ કરોડનાં ખર્ચે નિર્માણ પામશે તેમજ મહુવા માર્કેટીંગ યાર્ડનું અદ્યતન વિશાળ કોર્પોરેટ કક્ષાનું ઓફિસ બીલ્ડીંગ રૂ.૪.૨૦ કરોડનાં ખર્ચે નિર્માણ પામશે જેમાં નીચે ગ્રાઉન્ડ ફલોરમાં વીસ જેટલી ઓફિસો બનશે જે વેપારીઓને જાહેર હરરાજીથી ફાળવવામાં આવશે. આ સીવાય હાલનું જુનુ ગેસ્ટ હાઉસ પણ રૂ઼.૫૧/-લાખનાં ખર્ચે રીનોવશેન કરવામાં આવશે આ સીવાય સરદાર પટેલ સાહેબની નવી પ્રતિમા મુકવામાં આવશે જે કુલ મળીને રૂ઼.૧૧.૫૦ કરોડના વિકાસકાર્યો કરવાનું ઠરાવવામાં આવ્યુ. આ બજેટમાં નિયમાનુસારની અન્ય વહીવટી બાબતોની જોગવાઈ કરી બધાજ ખર્ચની ફાળવણીને અંતે ખર્ચ કરતા આવકનો વધારોરૂ઼.૭.૦૭ કરોડ રહેવા પામેલ છે. આમ મહુવા તાલુકાનાં કૃષિ વિકાસમાં ખેડુતલક્ષી યોજનાઓ સાથે મહુવા માર્કેટીંગ યાર્ડનું વિકાસલક્ષી બજેટ ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ પટેલે રજુ કરતા તમામ સાથી સદસ્યશ્રીઓએ બજેટને હર્ષભેર વધાવી લીધેલ હતુ અને અભિનંદન પાઠવેલ હતા. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે બજાર સમિતિ દ્રારા તાજેતરમાં સ્વભંડોળમાંથી જમીન ખરીદી કરેલ છે. આ સીવાય વિશાળ અદ્યતન ડાઈનીંગ હોલ બીલ્ડીંગ, ડોરમેટરી બીલ્ડીંગ વિગેરે બાંધકામો પુર્ણ થયેલા છે. જેના કારણે અત્યારે અદાતન માર્કેટીંગ યાર્ડ દેખાય રહેલ છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### કચ્છ જિલ્લામાં આદર્શ આચારસંહિતાના ભંગની ફરિયાદોનું ૧૦૦ મિનિટોમાં કરાતું નિવારણ

ભુજ, દેશભરમાં આયોજિત થનાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે નિષ્પક્ષ મતદાન થાય તથા તમામ નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રાજ્ય ચૂંટણીપંચના દિશાનિર્દેશ અનુસાર કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ છે. મતદારો અને જાગૃત નાગરિકોને વિવિધ એપ્લિકેશન અને વેબ પોર્ટલના માધ્યમથી અલગ અલગ પ્રકારની સુવિધા આપવામાં આવી રહી છે. જેને અનુસંધાને લોકસભાની ચૂંટણીની જાહેરાત સાથેજ, કચ્છ જિલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલી બની ગઈ છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અમિત અરોરાના નેતૃત્વમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ થઈ રહ્યો છે. આ સાથે આચારસંહિતાના ભંગને લગતી ફરિયાદો સરળતાથી નોંધાવી શકાય તેમજ તેનો ગણતરીની મિનિટોમાં જ ઉકેલ લાવી શકાય તે માટે, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની સૂચના મુજબ, કલેક્ટર કચેરી ખાતે સી-વિજિલ (સિટિઝન વિજિલન્સ) ટોલફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૩૮૯ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. ઉપરાંત સી-વિજિલ મોબાઈલ એપ, ૧૯૫૦ હેલ્પલાઇન તથા વેબપોર્ટલ પણ ચાલુ કરી દેવામાં આવ્યું છે. આચારસંહિતાની માર્ગદર્શિકા મુજબ આ ફરિયાદનું માત્ર ગણતરીની મિનિટોમાં જ નિરાકરણ કરવામાં આવે છે. આ ટોલ ફ્રી નંબર તથા મોબાઈલ એપ ૨૪ કલાક ચાલુ રહે છે અને કોઈપણ નાગરિક ૨૪ કલાકમાં ગમે ત્યારે આચારસંહિતા ભંગને લગતા કોઈપણ કિસ્સાની ફરિયાદો તેના પર નોંધાવી શકે છે. આ માટે જિલ્લા કલેક્ટર કચેરીમાં કાર્યરત સી-વિજિલ કંટ્રોલરૂમમાં વિવિધ સ્ટાફ ૨૪ કલાક ફરજ બજાવે છે. આ તમામ કામગીરી પર નજર રાખવા નોડલ અધિકારીની પણ નિયુક્તિ કરવામાં આવી છે. ૧૬મી માર્ચે કેન્દ્રીય ચૂંટણી પંચે ચૂંટણીની જાહેરાત કરી ત્યારથી જ જિલ્લા કંટ્રોલરૂમ શરૂ કરાયો છે. કેવી રીતે આવે છે ફરિયાદનું નિવારણ? એ જાણવું રસપ્રદ રહેશે. જ્યારે કોઈ નાગરિક ટોલ ફ્રી નંબર પર ફરિયાદ કરે ત્યારે તેની વિગતો નોંધી લેવામાં આવે છે. એ પછી ફોન પરનો કર્મચારી સંબંધિત વિસ્તારની ફ્લાઈંગ સ્ક્વોડને આ ફરિયાદની વિગતો તાત્કાલિક મોકલી દે છે.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### વેરાવળમાં ઘરેથી નીકળી ગયેલ માનસિક અસ્વસ્થ વૃદ્ધા માટે ૧૮૧ અભયમ ટીમ મદદે

ગીર સોમનાથ,
ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ સીટી માંથી એક જાગૃત નાગરિકે ૧૮૧ પર ફોન કરી જણાવ્યું કે એક વૃદ્ધા મહિલા ઘણા સમય થી નિઃસહાય બેઠેલા છે. જેથી ૧૮૧ માં ફરજ બજાવતા કાઉન્સેલર મનિષા ધોળીયા, કોન્સ્ટેબલ કૃપલબેન તેમજ પાઈલોટ બચુભાઈ સ્થળ પર પહોંચી ગયા. મહિલાનું કાઉન્સિલિંગ કરેલ તો જણાવેલ કે મારા માતા ને શોધવા માટે આવી છું. તે ઘરે થી નીકળી ગયા છે. અને જે સરનામું આપ્યું તે જગ્યા પર ગયા. ત્યાંના પાડોશી ને પૂછપરછ કરતા જણાવ્યું કે આ માજી ઘણા સમય પહેલા રહેતા હતા. તે આ મહિલાને ઓળખતા હતા. તેમની માનસિક સ્થિતિ સારી નથી. તે એકલા જ રહએવા માંગે છે.

તેના માતા ગુજરી ગયા તેનો ઘણો સમય થઈ ગયો. તેના સંતાનમાં દીકરો નથી. બે દીકરીઓ જ છે જે વેરાવળમાં જ રહે છે. જેથી તેમના દીકરી-જમાઈ વેરાવળ રહે છે. તે વ્યક્તિ પાસેથી મહિલા ના જમાઈને ફોન કરી બધી હકીકત જણાવેલ. અને તેના દીકરી જમાઈ લેવા માટે આવ્યા. તેમણે જણાવ્યું કે માજીની દવા ચાલુ છે. અમે લોકો રાખીએ છીએ પણ તે એકલા રહેવા માંગે છે. જેથી તેમના દીકરી જમાઈ ને સલાહ આપેલ કે તે વૃદ્ધ છે તેની સાળ-સંભાળ રાખવી તે તમારી ફરજ છે. આટલી ઉંમરે તેનો સ્વભાવ થોડો જીદી થઈ જાય છે. પરંતુ તેને પ્રેમ ભાવ થી સમજાવશો તો સમજી જશે. અને માજીના હાથ અને ડોકમાં સોનાના દાગીના છે. આવા રાતના સમય માં એકલા નીકળી જાય તો ઘણા આવારા તત્વો હોય છે જે નુકશાન પણ કરી શકે. જેથી રાતના સમય મા એક વૃદ્ધ માનસિક બીમારી મહિલાને સહી સલામત તેના દીકરી જમાઈને શોપ્યા. તે લોકો એ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### જુનાગઢમાં બી. ડિવીઝન પોલિસ અને નેત્રમ શાખાની પ્રશંસનીય કામગીરી




જુનાગઢ, ગયકાલે રાત્રે ૧૧.૪૫ વાગ્યે પ્રેમભાઈ કાંજાણી નો મારા ઉપર ફોન આવ્યો દુકાન માં નો કરી કરતો મનીષભાઈ પરિયાણી રાત્રે ગાંધી ચોક પાસે ગાંઠિયા ખાવા ગયા હતા અને પાંચ મિનિટ માં બાઈક કોઈક ઉપાડી ગયુ છે મે તેમને કીધું કે તમો બી.ડિવીઝનમા જાવ અને અરજી આપી આવો મે બી.ડીવીઝનના પી.આઈ.મેડમ ને મેસેજ કરી દીધો છે અત્યારે પોલિસ તમારી પાસે ગાડી ના નહિ માંગે અરજી લય લેશે તાત્કાલિક બી.ડિવીઝનમા જાણવા જોગ અરજી લય લેવામા આવી અને તે પછી નેત્રમ શાખા ત્રીજી આંખ ખોલી અને સવારે ૧૧ વાગ્યે જે ભાઈ લય ગયા હતા તે મુકી પણ ગયા તેમનુ કહેવાનુ મ હતું કે હું ઘેનમા હતો અને તમારી બાઈક માં મારી ચાવી ગય હતી મારી ભુલ થય ગય છે મનીષભાઈ પોતે ૧૫૦૦૦/ પગારમાં નોકરી કરે છે અને હપ્તેથી બાઈક છોડાવેલ હતી પણ બાઈક મલી જતા ખુશ થય ગયા છે તેમના માતુશ્રી જે ૮૦ વર્ષ ના છે તેમણે લાખ લાખ આશિર્વાદ જુનાગઢ પોલિસ ને આપેલ છે કારણકે બાઈક ગુમ થાય પછિ તેના સ્નાન કરવાનું હોય છે પણ જુનાગઢ પોલિસ ગુન્હેગારો ને સ્નાન કરાવે છે ટલે આખા કલોથ ન્ડ રેડિમેઈડ સોસિન માંગનાથ રોડ વતી પોલિસ તંત્ર નો આભાર માનુંછું અને દરેક વેપારી સાથે કાંઈપણ દુઘટર્ના બને સીધા જુનાગઢ પોલિસ નો જ સપઁક કરશો તેમ જણાવ્યું છે.

**CHANGE IN NAME**

I Undersigned here by declare that I have changed my name From VAGHASIYA SHOBHNABEN JAYANTILAL To VAGHASIYA SHOBHNABEN JAYANTIBHAI

Sd/- VAGHASIYA SHOBHNABEN JAYANTIBHAI

## એડીશનલ પીપી શ્રી વિકાસ વડેરાની ધારદાર દલીલો અને પુરાવાઓ પરથી ધારીનાં સ્પેશ્યલ પોક્સોજજશ્રી શેખનો દાખલારૂપ ચુકાદો

# ખાંભામાં દિકરી જેવડી કન્યાને ભગાડી જનારને ૨૫ વર્ષની સખત કેદ

### ૨૦૧૭ની સાલમાં ૪૨ વર્ષનો શખ્સ સગીરાને ભગાડી ગયો હતો : ૫ માસનો ગર્ભ પણ રાખી દીધેલ : કન્યા મરજીથી સાથે ગઇ હોય અપહરણમાં છુટકારો પણ પોક્સોમાં ૨૫ વર્ષની સખત કેદ અને ૫ લાખનો દંડ ફટકારાયો

અમરેલી,

ખાંભાના તાલડા ગામે સાડા સતર વર્ષની સગીરાને ભગાડી જનાર ૪૨ વર્ષનાં ઢાંઢાને કોર્ટે ૨૫ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. તા.૧૦-૧૦-૨૦૧૭ માં બનેલા આ બનાવમાં કોર્ટે મહતમ સજા ફટકારી અને દાખલારૂપ ચુકાદો આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે, સરકાર દ્વારા એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર શ્રી વિકાસ વડેરાએ દલીલ કરી હતી કે, ભોગ બનનારનું અપહરણ કરી તેને ગર્ભવતી બનાવેલ છે અને સમાજમાં ૧૮ વર્ષથી નાની કુમળી દિકરીઓ ઉપર આવા ગુનાઓ વધતા જાય છે. આ ગંભીર પ્રકારનો ગુનો છે. અને તમામ સંજોગોને ધ્યાને લઈ આરોપી કોઈ દયાને પાત્ર રહેતા ન હોય સમાજમાં દાખલો બેસે તેવી કાયદામાં દર્શાવેલી મહત્તમ સજા કરવાની માંગણી કરતા ધારીનાં સ્પેશ્યલ પોક્સો જજ અને બીજા એડીશનલ જજ શ્રી એમ.એન.શેખએ ચુકાદો આપતા જણાવ્યું હતું કે, ભોગ બનનાર ૧૭ વર્ષ અને ૬ માસની વયના હતા અને આરોપી ૪૨ વર્ષનાં હતાં. તેમની વચ્ચેનો વય તફાવત જોતા આ પ્રેમ સબંધ નહીં પણ વાસના અને હવસનો સબંધ કહી શકાય. આરોપીએ કન્યાને ભોળવીને શોષણ કરેલ છે તેમ કહી શકાય અને લવ મેરેજ કરેલાનો બચાવ કર્યો છે પણ તેનો પુરાવો રજુ કર્યો નથી. સગીર કન્યાને ભોળવી પત્નિ તરીકે રાખી સતત શારિરીક શોષણ કરેલ છે...તેણીને કાયદેસર પત્નિનો દરજ્જો ન આપી શારીરીક શોષણ કરી ગર્ભવતી બનાવી છે અને સગીર કન્યાએ પીડા સહન કરી સમાજમાં બદનામી વેઠવી પડેલ છે.

કોર્ટે આરોપી પરશોતમ ભગવાન સરવૈયા (કુંભાર ઉ.વ.૪૨ ધંધો ડ્રાઈવીંગ, રે.તાલડા, તા.ખાંભા)ને આઈપીસે ૩૬૩, ૩૬૬ માં નિર્દોશ જાહેર કરેલ અને પોક્સો એક્ટની કલમ ૬ અન્વયે આરોપીને ૨૫ વર્ષની સખત કેદની જેલ તથા ૫ લાખનો દંડ ફટકાર્યો હતો અને દંડ ન ભરે તો વધુ બે વર્ષની કેદ તથા પોક્સો એક્ટની કલમ ૪ માં ૧૦ વર્ષની કેદ ૫૦ હજાર દંડ કરી ભોગ બનનારને ૫ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ભોગ બનનાર સગીરા તેમની મરજીથી આરોપી પરશોતમ સાથે ભાગી હોવાનું તેણીએ જે તે સમયે પોલીસ સમક્ષ નિવેદનમાં જણાવ્યું હતું પરંતુ તેણીની ઉમર સગીર હોય જેથી કોર્ટે અપહરણનાં ગુનામાં આરોપીને છોડ્યો હતો પણ પોક્સો એક્ટમાં દાખલારૂપ સજા ફટકારી હતી.



વિકાસ વડેરા

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૫/૨૦૨૪....................તા.૧૧-૦૩-૨૦૨૪

અરજદાર :- શ્રી નસીમબાનુ ફીરોજખાન પઠાણ ડો/ઓ બાબુભાઈ ઈબ્રાહીમભાઈ ચૌહાણ રહે. હબીબાની શેરી, નગરપાલિકા સામે, શિંહોર, તા.ભાવનગર

વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી અધિકારી નગરપાલિકા લાઠી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે ભાવનગર જીલ્લાના શિંહોર તાલુકાના મોજે શિંહોર ગામના રહીશ આ કામના અરજદારશ્રી નસીમબેન બાબુભાઈ ચૌહાણનો જન્મ તા.૧૪-૦૪-૧૯૬૯ ના રોજ મોજે લાઠી, જી.અમરેલી મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૭-૧૨-૨૩ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૫-૦૪-૨૦૨૪ ના રોજ બપોરના ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ

લાઠી

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૦/૨૦૨૪....................તા.૧૧-૦૩-૨૦૨૪

અરજદાર :- શ્રી હંસાબેન પોપટભાઈ રાદડીયા વા/ઓ મધુભાઈ ભુરાભાઈ રાખોલીયા રહે.અકાળા, તા.લાઠી, જી.અમરેલી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટીકમ મંત્રી દુધાળા ગ્રામ પંચાયત, તા.લાઠી


**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના અકાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રી હંસાબેન પોપટભાઈ રાદડીયાનો જન્મ તા.૦૧-૦૬-૧૯૬૨ ના રોજ મોજે દુધાળા, તા.લાઠી મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૬-૧૨-૨૩ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૫-૦૪-૨૦૨૪ ના રોજ બપોરના ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ

લાઠી

## ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.સુર્યકાન્તભાઇ નાનજીભાઇ વ્યાસ (ઉ.વ.૮૪)**

**સ્વ.તા.૨૭-૦૩-૨૦૨૪ ને બુધવાર, ગામ : રાજુલા**

જીવન એવુ જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌ કોઇ યાદ કર્યા કરે, ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી, સુખ દુઃખમાં સદા હસતા રહયા, આપની હયાતી અમારા સૌ માટે પ્રેરણા હતી, આપનો ધર્મપ્રીય પરોપકારી અને માયાળુ સ્વભાવ હંમેશા અમારા જીવનમાં યાદોની સંજીવની બની રહેશે. મહાદેવ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદ્દગતનું બેસણું : તા.૨૯-૦૩-૨૦૨૪ શુક્રવારનાં રોજ નિવાસ સ્થાન કુંભારવાડા શેરી નં.૧ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.**

લી.

મનહરભાઇ યુ.વ્યાસ (નારાયણ ભોજન ગૃહ અમરેલી)
હરેશભાઇ યુ.વ્યાસ (ભત્રીજા)
અશોકભાઇ યુ.વ્યાસ (ભત્રીજા)
સ્વ.રજનીભાઇ યુ.વ્યાસ (ભત્રીજા)
હર્ષદભાઇ પી.વ્યાસ (શ્રી નારાયણ લોજ રાજુલા)
હિતેશભાઇ આર.વ્યાસ - ભત્રીજા (શ્રી નારાયણ અન્નપુર્ણા ગૃહ અમરેલી)
કિર્તીભાઇ એન.વ્યાસ (ગોકુલ ઓટો સેન્ટર રાજુલા)

મનોજભાઇ એસ.વ્યાસ (પુત્ર)
વિણાબેન હિતેશભાઇ મહેતા (પુત્રી)
ભુમિકાબેન જગદીશભાઇ મહેતા (પુત્રી)
નિશીત મનોજભાઇ વ્યાસ (પૌત્ર)
ઓમ મનોજભાઇ વ્યાસ (પૌત્ર)

**વ્યાસ પરિવારના જય મહાદેવ**










**સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**

કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા

રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા

બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર

કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ

દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા

**મિથ્સ હોલીડેઝ**

બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩

૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




**શ્યામ આંખની હોસ્પિટલ**

**ડો. કપિલ બી. વરૂ (M.S.)**
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સુવિધા :**

- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અદ્યતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

-: સ્થળ :-

-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :- શિવશકિત શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

**૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯



